PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ
કોશિશ થી કામયાબી
Since 1-8-1974
વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

# મૂક સેવક - કે. એલ. બહેરાં-મૂંગા શાળાના માનદ્ મંત્રી ડૉ. અશ્વિનભાઈ પંડ્યાને ડૉ. અમરનાથ ટંડન એવોર્ડ એનાયત




"શ્રેષ્ઠ કરી છૂટવું તે જ સાચું કર્મ અને સાચો ધર્મ"
- ડૉ. અશ્વિનભાઈ પંડ્યા

પેજ નંબર પાંચ ઉપર

અંક નં. 145/511 | 15 જાન્યુઆરી, 2025
Koshish Thi kamyabi | RNI No. GujGuj/2013/48176 | Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 | Monthly Date Of Publication : 15 January 2025 | Posted at 20th of every month at BHAV.RMS | Subscription Rs. 150 Per Year (12 Issue) | Total Page : 24

# K.L. બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર



વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી...



શ્રી મનહર પારેખની 60મી લગ્ન વર્ષગાંઠ નિમીત્તે વિનામૂલ્યે શ્રવણયંત્ર વિતરણ કેમ્પ



સરોવર પોર્ટિકોમાં કેક મિક્ષીંગ



સ્કિલ કોમ્પિટિશન...








શ્રી મનહર પારેખની 60મી લગ્ન વર્ષગાંઠ નિમીત્તે કૃત્રિમ હાથ-પગ વિતરણ કેમ્પ...

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં...**


| | | |
|---|---|---|
| 01. | બહેરા-મૂંગા શાળા તસ્વીર સમાચાર | 02 |
| 02. | Index | 03 |
| 03. | સાત વર્ષની નયનાના નેત્રમાંના મોતિયાની ઝાંખપ દૂર થઈ | 04 |
| 04. | ડો. અશ્વિનભાઈ પંડયાને ડો. અમરનાથ ટંડન એવોર્ડ એનાયત | 05 |
| 05. | નટરાજ સી.પી. સ્કૂલ | 06 |
| 06. | કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ | 08 |
| 07. | દિશા કમ વિકાસ પ્રોજેક્ટ | 09 |
| 08. | ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ ફોર સ્પેશ્યલ એજ્યુકેશન | 09 |
| 09. | એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ | 10 |
| 10. | PNR હોસ્પિટલ | 11 |
| 11. | પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર | 11 |
| 12. | શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય | 12 |
| 13. | શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા પ્રાથમિક વિભાગ | 13 |
| 14. | શાહ ખી.લ. બહેરાં-મૂંગા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા | 13 |
| 15. | શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા | 14 |
| 16. | અંબા સી.પી. હોસ્ટેલ | 15 |
| 17. | પી.આર.વી. વર્કશોપ | 15 |
| 18. | શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા મહેતા છાત્રાલય | 16 |
| 19. | શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કોલેજ | 16 |
| 20. | શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ | 17 |
| 21. | ‘અંકુર’ મંદબુધ્ધિવાળા બાળકોની શાળા | 19 |
| 22. | દાતાઓની યાદી | 21 |
| 23. | PNR તસ્વીર સમાચાર | 23 |


# ઈન્કલુઝિવ સ્કૂલની વિસ્તરતી ક્ષિતીજ
## અને તજજ્ઞોની સલાહ

ઈન્કલુઝિવ એજ્યુકેશનનો અર્થ થાય છે કે દિવ્યાંગ બાળકો સહિત તમામને શિક્ષણ આપવું અને દિવ્યાંગ બાળકોમાં રહેલી પ્રતિભા અને યોગ્યતાને બહાર લાવી તેનો વિકાસ કરવો, જેથી તે દેશના વિકાસમાં યોગદાન આપી શકે.

આ સમાવેશી શિક્ષણમાં દિવ્યાંગ બાળકોને વિશિષ્ટ શિક્ષણની પણ આવશ્યકતા હોય છે, જે તેની જરૂરિયાતો, યોગ્યતા અને વ્યકિતગત શિક્ષણ પર આધારિત હોય છે. આ વિશિષ્ટ શિક્ષણ માટે અનેક વિધિ-પ્રવૃત્તિઓની જરૂરિયાતો હોય છે, તેમજ તેને સુવિધા અને સાધનો પણ પૂરા પાડવા પડે છે. આવી શાળામાં સામાન્ય અને દિવ્યાંગ વિદ્યાર્થીઓમાં એકતા, સમાનતા અને પ્રાકૃતિક વાતાવરણનો વિકાસ થાય છે.

મિત્રો, શ્રી કે.એન. શાહ ના મુખ્ય સહયોગથી PNR માં શરૂ થયેલી આપણી ‘હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ’ અદ્યતન બિલ્ડીંગ, નવ પ્રવર્તનશીલ શિક્ષકો, બેરિયર ફ્રી વાતાવરણ, વિવિધ થેરાપિસ્ટોની સહાય તથા જોઈતી સાધન સહાય અને સ્પે. શિક્ષકોની વધારાની મદદથી, ખૂબ થોડા વર્ષોમાં ભાવનગર જિલ્લામાં પ્રથમ અને ગુજરાતની આ ક્ષેત્રે કાર્યરત શાળાઓમાં શિરમોર સ્થાન ધરાવે છે, જેથી આ શાળાને હાલમાં જ **ઈન્કલુઝિવ શિક્ષણમાં ઉત્તમ કાર્ય** બદલ, અર્લિ ચાઈલ્ડ હૂડ એસોસિએશન અને એસોસિએશન ફોર પ્રિપેટરી એજ્યુ. એન્ડ રિસર્ચ મુંબઈ દ્વારા ‘ખાસ એવોર્ડ’ મળ્યો છે.

મિત્રો, ગત મહિને PNR માં યોજાયેલી ‘ચર્ચા સભા’ દ્વારા સંસ્થામાં ચાલતી ‘હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ’ ની વિસ્તરતી ક્ષિતીજ, સફળતાઓ અને સમસ્યાઓ માટે, ઉપસ્થિત તજજ્ઞોની સલાહ ખૂબ ઉપયોગી નિવડશે, તેવી આશા છે.

- કિરીટ રાઠોડ

**‘Someone is sitting in the shade today because someone planted a tree a long time ago.’**

**- Warren Buffett**


**Koshish Thi Kamyabi**
RNI No.GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24, Monthly
- **અંક નં.145/512**
15 જાન્યુઆરી, 2024
- **પ્રકાશક : શ્રી ખી.લ. બહેરાઓની સંસ્થા**
51, વિદ્યાનગર, ભાવનગર - 364 002.
ફોન : (0278) 2429326, 2420836
મો. 9499661694 / 9499557977
**E-mail : info@pnrsocity.org**
**klinstitute.deaf@gmail.com**
**Visit us : www.pnrsocity.org**
**www.klinstitutedeaf.org**

- તંત્રી
**અનંત કે. શાહ**
- સહ તંત્રી
**અશ્વિન પંડ્યા**
**કિરીટ રાઠોડ**
- પ્રિન્ટીંગ
**ધર્મેશ પ્રિન્ટોરીયમ, અમદાવાદ**
- ‘કોશિશ થી કામિયાબી’ લવાજમ
**આજીવન રૂ.2500, વાર્ષિક રૂ.150**
- ચેક ‘‘શ્રી ખી.લ. બહેરા મૂંગા શાળા, ભાવનગર’’ના નામનો આપવા વિનંતી

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈનીંગ
**સાગર ચલાળિયા, ભાવનગર**
- સંપાદક મંડળ
**ફાલ્ગુની ખાટસુરિયા**
**ગજાનંદ ભટ્ટ**
**જ્યોતિ ભટ્ટી**
**આરિફ જેઠવા**
**પારસ શાહ**
**ભરત કનાડા**
**રાજેશભાઈ હકાણી**



- જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A-4)

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ-મલ્ટિ કલર | : | રૂા.10,000 |
| ત્રીજું ટાઈટલ પેજ-મલ્ટિ કલર | : | રૂા.10,000 |
| ચોથું ટાઈટલ પેજ-મલ્ટિ કલર | : | રૂા.10,000 |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂા.5,000 |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂા.2,500 |
| ક્વાર્ટર પેજ - સિંગલ કલર | : | રૂા.1,500 |

# સાત વર્ષની નયનાના નેત્રમાંના મોતિયાની ઝાંખપ દૂર થઈ

## ‘‘નાના બાળકોની આંખમાંથી મોતિયો દૂર કરવો તે નાજુક સર્જરી છે.’’ - સર્જન ડો. વાઘેલા



મોતિયો એટલે મોટી ઉંમરે થતી આંખની બીમારી, આ માન્યતા છે. પરંતુ મોતિયો બાળકોને આવી શકે છે અને તેની સર્જરી પણ નાજુક હોય છે. સદનસીબે આધુનિક સાધનો, તબીબી જ્ઞાન અને પી.એન.આર. હોસ્પિટલમાં મળતી સુવિધાઓને કારણે આવા ઓપરેશન સરળતાથી થઈ શકે છે. હાલમાં સર્જન ડો. રાજેન્દ્રસિંહ વાઘેલા દ્વારા ૭ વર્ષની બાળકીની આંખનું ઓપરેશન કરવામાં આવ્યું છે.

ભાવનગર જિલ્લાના, ઉમરાળા તાલુકાના એક ગામમાં રહેતા શ્રમજીવી પરિવારની સાત વર્ષની બંને પગે દિવ્યાંગ દીકરી નયના (નામ બદલ્યું છે.) ને જોવામાં તકલીફ પડતી હતી, પરંતુ કોઈએ ધ્યાન આપ્યું ન હતું. એક વખત આંખમાં ઝોકો વાગતા હોસ્પિટલમાં બતાવતા, બંને આંખમાં મોતિયો હોવાનું નિદાન થયું. બાળકોની નાજુક આંખમાં સર્જરી, તો જનરલ આઈ સર્જન માટે પણ મુશ્કેલ હોય છે અને તેમાં પણ શ્રમજીવી પરિવાર અને તેની દિવ્યાંગ દીકરી, તેથી આર્થિક પરિસ્થિતિએ સમસ્યાને વધુ મુશ્કેલ બનાવી દીધી. દિવ્યાંગો માટે આશીર્વાદરૂપ પી.એન.આર. હોસ્પિટલનો પરિવારે સંપર્ક કર્યો. અહીં આવતા સર્જન ડો. રાજેન્દ્રસિંહ વાઘેલાએ દીકરીની આંખમાંનો મોતિયો દૂર કરી, સ્પષ્ટ જોતા કરવાની ખાતરી આપતા પરિવારને ધરપત થઈ. આર્થિક મુશ્કેલીમાં સંસ્થા મદદરૂપ થઈ અને દાતાના સહયોગથી વિનામૂલ્યે જમણી આંખનો મોતિયો દૂર થયો.

પી.એન.આર. હોસ્પિટલમાં નિયમિત સેવા આપતા ડો. વાઘેલા જણાવે છે કે, ‘‘આંખ આમ પણ નાજુક અવયવ છે અને તેમાં પણ નાના બાળકોની આંખની દરકાર લેવી ખૂબ જરૂરી હોય છે. યોગ્ય સમયે નિદાન કરાવી મોતિયો, ચશ્માના નંબર કે અન્ય મુશ્કેલીઓનો હલ લાવવો જરૂરી હોય છે. બાળક ફરિયાદ કરે ત્યારે તેને બાળ સહજ ન સમજો, ગંભીરતાથી લઈ અને તેના ઉકેલ માટે પ્રયત્ન કરવો જરૂરી હોય છે. નયનાની જમણી આંખનું ઓપરેશન કરી લેન્સ મુકી દેવાયો છે અને બીજી આંખમાં પણ હવે પછી ઓપરેશન થશે.’’

આ એક નહીં, આવા અનેક બાળકોની સર્જરી-સારવાર પી.એન.આર. હોસ્પિટલમાં થતી હોય છે.

ભાવનગર શહેરમાં રહેતા રત્ન કલાકાર પરિવારના પાંચ વર્ષનો દીકરો નેત્ર (નામ બદલાવેલ છે.) ને આંચકી આવતા તેની સારવાર માટે દવાખાને ગયા, ત્યારે તે ડોકટરે આંખના ડોકટરને તપાસ કરાવવા કહ્યું અને પરિવાર નેત્રને પી.એન.આર. હોસ્પિટલ થઈ આવ્યો. તપાસ કરતા બંને આંખોમાં મોતિયો હોવાનું નિદાન થયું. ઓપરેશન કરાવવાનું હતું, પરંતુ આર્થિક વિડંબણા હતી. પી.એન.આર. હોસ્પિટલ, દાતાઓના સહયોગથી મદદ કરવા માટે તૈયાર હોય છે. સામાન્ય રીતે ૨૦ હજારમાં થતી આ સારવાર, દાતાઓના સહયોગથી નેત્રની આંખમાંથી પણ મોતિયો દૂર થયો. દિવ્યાંગ બાળકો માટે કાર્યરત પી.એન.આર. સોસાયટીના વિવિધ પ્રોજેકટના દાતાઓ જરૂરિયાતમંદ દિવ્યાંગ દર્દીઓની સારવારમાં મદદરૂપ બનતા હોય છે. આ અનુદાન, ટ્રસ્ટીશ્રીઓની નિષ્ઠા અને તબીબો, કાર્યકરોની જહેમતથી અનેક દિવ્યાંગોના નિદાન-સારવાર બાદ સર્જરી શકય બને છે.

# શ્રી રમેશભાઈ અજમેરા તરફથી મેડિકલ કેમ્પ માટે વાહનની ભેટ

શ્રી રમેશભાઈ અજમેરા-મુંબઈ તરફથી સંસ્થાના ડિસેબિલિટી પ્રિવેન્શન કાર્યક્રમ, મેડિકલ કેમ્પ તેમજ હેલ્થ કાર્યક્રમ અંતર્ગત, પેરામેડિકલ, મેડિકલ તથા પ્રોફેશનલ એક્ક્ષપર્ટને રૂરલ તેમજ શહેરી વિસ્તારમાં જવા-આવવાના હેતુ માટે ૭ સીટર મારૂતી અર્ટીગા વાહનનું રૂા. ૧૨,૯૧,૦૦૦/- ડોનેશન પ્રાપ્ત થયેલ છે. સંસ્થા પરિવાર દાતાશ્રીનો આભાર વ્યકત કરે છે.



# મૂક સેવક - કે.એલ. બહેરાં-મૂંગા શાળાના માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયાને ડો. અમરનાથ ટંડન એવોર્ડ એનાયત

**નેશનલ સોસાયટી ફોર ઈક્વલ ઓપોર્ચ્યુનિટી ફોર ધ હેન્ડિકેપ્ડ - મુંબઈ સંસ્થા દ્વારા, ગુજરાતમાંથી એકમાત્ર ડો. અશ્વિનભાઈ પંડયાની પસંદગી**

**"શ્રેષ્ઠ કરી છૂટવું તે જ સાચું કર્મ અને સાચો ધર્મ" - ડો. અશ્વિનભાઈ પંડયા**

શ્રી કે.એલ. બહેરાં-મૂંગા શાળાના માનદ મંત્રી અને પી.એન.આર. સોસાયટીના પૂર્વ માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા ૪૦ વર્ષથી સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલાં છે. મૂક સેવકની જેમ કાર્યરત અને પરિણામલક્ષી કાર્યમાં માનતા આ સેવાભાવીને તા. ૭ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ મુંબઈ ખાતે નેશનલ સોસાયટી ફોર ઈક્વલ ઓપોર્ચ્યુનિટી ફોર ધ હેન્ડિકેપ્ડ - દ્વારા **આઉટસ્ટેન્ડિંગ વર્કર** તરીકેનો **ડો. અમરનાથ ટંડન એવોર્ડ** એનાયત કરાયો છે.

ભારતીય રેલવેના નિવૃત અધિકારી ડો. અશ્વિનભાઈ, પી.એન.આર. સોસાયટી સાથે છેલ્લાં ૪૦ વર્ષથી સંકળાયેલા છે. વિકલાંગો માટે કૃત્રિમ અવયવોના ભારતમાં નિઃશૂલ્ક કેમ્પ, ગામડાઓમાં સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તકોના નિઃશૂલ્ક પુસ્તકાલયો, ગ્રામ્ય વિસ્તારોમાં વોશરૂમ, સ્કોલરશીપ સહિતના અનેક પ્રોજેકટ તેમણે પાર પાડયાં છે. બહેરાં-મૂંગા બાળકો કંઈ કરી શકે નહિ, તેવી માન્યતાને જડ મૂળમાંથી ઉખેડીને છેલ્લાં બે વર્ષમાં ૩૦ જેટલા દીકરા-દીકરીઓને સરકારી નોકરી અપાવી, ઈતિહાસ સર્જ્યો છે અને હજુ આ સેવા અવિરત ચાલું છે.

વિકલાંગો, ગરીબ અને જરૂરિયાતમંદોની સેવાની નોંધ લઈ, રાજસ્થાનની યુજીસી માન્ય યુનિવર્સિટીએ ૨૦૨૩માં તેઓને **માનદ ડોકટરેટ**ની ડિગ્રી આપી હતી અને આ વર્ષે NASEOH વતી રોટેરિયન શ્રી ચેતન દેસાઈના હસ્તે, મુંબઈ ખાતે આ **નેશનલ એવોર્ડ** તેમને એનાયત થયો છે. નોકરી દરમિયાન કર્મચારીઓના હિત માટે અગ્રેસર અને આજે પણ પેન્શનર્સ એસોસિએશનમાં સક્રિય ભૂમિકા ભજવનાર




ડો. અશ્વિનભાઈ પ્રસિધ્ધિથી હંમેશા દૂર રહે છે.

તેઓ કહે છે કે, "હું લોકોએ ચૂકવેલા ટેકસમાંથી પેન્શન મેળવું છું અને લોકો માટે કંઈક કરવું તે મારી ફરજ છે." તેઓ આ એવોર્ડનો શ્રેય સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ અને ટ્રસ્ટીશ્રીઓના માર્ગદર્શન અને કર્મચારીઓની મહેનતને આપતા ઉમેરે છે - "ઈશ્વરે જે આપ્યું છે અને જેમાં નિમિત્ત બનાવ્યાં છે, તેમાં શ્રેષ્ઠ કરી છૂટવું તે જ સાચું કર્મ અને સાચો ધર્મ."

# નટરાજ કોલેજમાં ત્રિવિધ કાર્યક્રમો હર્ષોલ્લાસ સાથે સંપન્ન

PNR સોસાયટી સંચાલિત નટરાજ કોલેજના ઓડિટોરિયમમાં તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ ત્રિવિધ કાર્યક્રમો, સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈના જન્મદિવસ, સી.પી., ઓટિઝમ, દિશા કમ વિકાસ અને હાઈટેકના કુલ ૪૭ દિવ્યાંગ બાળકોના જન્મદિવસ તથા કરુણા અને ક્ષમાના અવતાર પ્રભુ ઈસુનો જન્મદિવસ નાતાલની ઉજવણી હર્ષોલ્લાસ, ફેન્સી ડ્રેસ અને કઠપુતલીના શો દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગ સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ, ટ્રસ્ટીશ્રીઓ સર્વ શ્રી કિરીટભાઈ રાઠોડ, હર્ષકાંતભાઈ રાખશિયા, પ્રદીપભાઈ ભટ્ટ, આચાર્ય હિતેનભાઈ પંડયા તથા જીજ્ઞાબેન સોલંકી, વાલીઓ અને કર્મચારીગણની ઉપસ્થિતિમાં સંપન્ન થયો.



આ પ્રસંગે બધા જ બાળકોને હર્ષદભાઈ દ્વારા ભેટ આપવામાં આવી હતી. તથા શ્રી પારસભાઈ દ્વારા નાસ્તો આપવામાં આવ્યો હતો. શ્રી પારસભાઈ આ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરેલ તથા શ્રી ખેવનાબેન ઓઝાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.



# 'નટરાજ' મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



✍ વિભૂતિ વ્યાસ

## આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ જાગૃતિ દિવસ



તા. ૩-૧૨ ના રોજ શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલ, શ્રી કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ તથા 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળાના સંયુકત ઉપક્રમે **વિશ્વ દિવ્યાંગ જાગૃતિ દિવસ** અનુસંધાને ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં 'અંકુર' શાળા ખાતે 'દિવ્યાંગ મતદાન જાગૃતિ કાર્યક્રમ' યોજવામાં આવેલ. જે અંતર્ગત ૧૮ વર્ષથી મોટી વયના દિવ્યાંગ વિદ્યાર્થીઓને નવા ચૂંટણી કાર્ડ કઢાવવા અને કઢાવેલ ચૂંટણી કાર્ડમાં સુધારો કરાવવો કે ચૂંટણી કાર્ડમાં ડિસેબિલિટી માર્ક કરાવવા માટે શાળાના કુલ ૧૫ દિવ્યાંગ વિદ્યાર્થીઓએ લાભ લીધેલ.

આ સાથે નટરાજ ઓડિટોરિયમ ખાતે દિવ્યાંગ બાળકોના વાલીશ્રીઓ માટે જ્ઞાન વર્ધક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમની શરૂઆતમાં TTC (MD) ના તાલીમાર્થીઓએ પ્રાર્થના રજૂ કરી. કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના આચાર્ય શ્રી હિતેનભાઈ પંડયા દ્વારા આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવેલ. ત્યાર બાદ એકસપર્ટ ફેકલ્ટી દ્વારા વાલીઓને જરૂરી એવા માર્ગદર્શન માટે જ્ઞાનનો પ્રવાહ વહેતો મૂકવામાં આવેલ. જેમાં ક્રમશઃ પ્રથમ ડો. અંબર ગુપ્તા (ઓડિયોલોજીસ્ટ એન્ડ સ્પીચથેરાપીસ્ટ) દ્વારા Importance of Parallel tanking & Language Stimulation at home વિષય પર ભાષા વિકાસ માટેની પ્રવૃત્તિઓ સમજાવવામાં આવી હતી. ત્યારબાદ ડો. કૃણાલ મિસ્ત્રી (માસ્ટર ઓફ ફિઝીયોથેરાપીસ્ટ) એ Easy Transfer techniques for children with C.P., M.D., Locomotor Disabilities વિષય પર દિવ્યાંગ બાળકોને હલન-ચલન માટેની સરળ રીતો જણાવી. શ્રી જીજ્ઞાબેન સોલંકી (ડેવલોપમેન્ટ થેરાપીસ્ટ અને સિનીયર મોસ્ટ સ્પે. એજ્યુકેટર) દ્વારા **દિવ્યાંગ બાળકોની સમાવેશી શિક્ષામાં વાલીની ભૂમિકા** વિષય પર વાલીશ્રીઓને મૂંઝવતા પ્રશ્નોનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ અને ડો. પ્રવિણ દેશમુખ દ્વારા ઓકયુપેશનલ થેરાપીની ટેકનીકસનો ઘરના સંદર્ભમાં ઉપયોગ જણાવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્દબોધન સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈએ કરેલ, સાથે સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી ડી.જે. ધંધુકિયા, શ્રી મેઘજીખાન સાયબાણી વગેરેના હસ્તે USA સ્થિત દાતાશ્રી શકુંતલાબેન ગાંધી તરફથી આપવામાં આવેલ. **વિંટર કેપ**નું વિતરણ કરવામાં આવેલ. ઉપસ્થિત એકસપર્ટ ફેકલ્ટીનું પોતાના જ્ઞાનનો લાભ આપવા બદલ તેને સંસ્થા તરફથી ગિફટ હેમ્પર આપી આભાર વ્યકત કરવામાં આવેલ. હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના આચાર્યશ્રી 'અંકુર' શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના સુંદર સહયોગ બદલ, ગિફટ હેમ્પર ટ્રસ્ટી શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબના વરદ હસ્તે આપવામાં આવેલ.

કાર્યક્રમની આભારવિધિ મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવી. આ એક દિવસીય કાર્યક્રમનું આયોજન પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલ, કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ તથા 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળાના આચાર્યશ્રીઓના સંયુકત પ્રયાસોથી શાળાના શિક્ષકો શ્રી હરદીપભાઈ, શ્રી પારસભાઈ, શ્રી વિભૂતિબેન અને દરેક સંસ્થાના BLO અને ટ્રસ્ટીગણના વિશેષ માર્ગદર્શનથી સફળ થયું. તેમાં દરેક સંસ્થા મળી બંને કાર્યક્રમમાં કુલ ૧૩૫ થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

## યોગ તાલીમ



સતત વ્યસ્ત જવાબદારીઓ અને ભાગદોડવાળી જીવનશૈલીમાં પોતાના સ્વાસ્થ્યની દેખભાળ રાખવી મુશ્કેલ બને છે અને પરિણામે કોઈને કોઈ બીમારી તરફ એ ધકેલાય છે. તો ''પહેલું સુખ તે જાતે નર્યા'' પંકિતને પ્રાથમિકતા આપી, શાળાના આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા લેડિઝ સ્ટાફ, વિદ્યાર્થીઓ, TTC (MD) તાલીમાર્થીઓ અને વાલીઓ માટે સમયાંતરે **યોગ તાલીમ** આપવામાં આવે છે.

## વાલી મિટીંગ

તા. ૩૦-૧૧ ના રોજ દ્વિતીય સત્રની પ્રથમ વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના માનદ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડના અધ્યક્ષ સ્થાને યોજાયેલી મિટીંગમાં, આચાર્યશ્રી



જીજ્ઞાબેન સોલંકી દ્વારા ગુજરાત સરકારના પરિપત્ર મુજબ, **અપાર ID** ના સંમતિ પત્રકમાં વાલી સંમતિ, વિશ્વ દિવ્યાંગ જાગૃતિ દિવસ અંગેની માહિતી, પ્રથમ સત્રની પરીક્ષાનું પરિણામ, હોમિયોપેથી સારવાર કેમ્પની માહિતી અને માર્ગદર્શન, રાષ્ટ્રીય સ્તરના ગુણવત્તાયુક્ત શિક્ષણ સર્વે માટે, પરખ અંતર્ગત NAS ટેસ્ટ, ધો-૩ થી ૬ના બાળકો માટેની માહિતી, વગેરે મુદ્દા પર માહિતી સાથે માર્ગદર્શન, ઓનલાઈન અને ઓફલાઈન બંને માધ્યમથી આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા શાળા કેમ્પસ, રિસોર્સ સેન્ટરમાં દિવ્યાંગ બાળકોને પૂરી પાડવામાં આવતી સહુલિયત અને સારવાર અંગે પણ માહિતી આપી હતી. આ વાલી મીટીંગમાં કુલ ૬૦ થી વધુ વાલીશ્રીઓ જોડાયાં હતાં.

## મહુવા રિસોર્સ સેન્ટરની મુલાકાત



તા. ૨૮-૧૧ ના રોજ વિકલાંગ સારવાર કેન્દ્ર - મહુવાની મુલાકાતે સંસ્થાના શ્રી પારસભાઈ શાહ (સેક્રેટરી જનરલ), શ્રી કિરીટભાઈ રાઠોડ (માનદ મંત્રી), શ્રી જીજ્ઞાબેન સોલંકી (ઈન્ચાર્જ આચાર્ય, નટરાજ સી.પી. સ્કૂલ) તથા શ્રી કેતનભાઈ રૂપેરા ગયા હતાં. સેન્ટર પર વાલી મિટીંગ કરવામાં આવેલ. તેમાં બહારગામથી ૦૫ બાળકો આવે છે અને ૦૫ લોકલ બાળકો છે તેની માહિતી, વાહન સહાય બાબતની માહિતી, બાળકોને સેન્ટર પર રેગ્યુલર આવવાથી થતા લાભો વિશેની માહિતી અને સેન્ટરના બાળકોની સંખ્યામાં વધારો થાય તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

# દિવ્યાંગોની વધુ સારી સુવિધા માટે ચર્ચા સભા




તા. ૧૮-૧૨-૨૦૨૪ ના રોજ PNR સોસાયટીના નટરાજ કોલેજના કોન્ફરન્સ હોલમાં એક ચર્ચા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિષય હતો 'શ્રી કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ' માં 'દિવ્યાંગ બાળકોનું શિક્ષણ તાલીમ, સારવાર અને વિવિધ થેરાપીની વધુ સારી સુવિધા.'

આ ચર્ચા સભા જાણીતા શિક્ષણવિદ્દ અને GCERT ના પૂર્વ નિયામક શ્રી નલીનભાઈ પંડિત સાહેબના અધ્યક્ષ સ્થાને તથા શ્રી લાભુભાઈ સોનાણી, જનરલ સેક્રેટરી, કે. કે. અંધ શાળાના ઉપાધ્યક્ષ સ્થાને અને કમિશ્નર ઓફ સ્કૂલના પૂર્વ ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી આર. એસ. ઉપાધ્યાય સાહેબના મુખ્ય અતિથિવિશેષ સ્થાને યોજાયેલ.


આ કાર્યક્રમમાં માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડના સ્વાગત પ્રવચન બાદ, સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈએ આ ચર્ચા સભાના હેતુ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ત્યાર પછી કાર્યક્રમના ઉપાધ્યક્ષ અને શ્રી કે.કે. બ્લાઈન્ડ સ્કૂલના જનરલ સેક્રેટરી શ્રી લાભુભાઈ સોનાણીએ ચર્ચાનો દોર સંભાળ્યો હતો અને એક પછી એક દિવ્યાંગ બાળકોના ક્ષેત્રમાં કામ કરતા તજજ્ઞ વકતાઓને બોલવા આમંત્ર્યા હતાં. દિવ્યાંગ વિદ્યાર્થીઓ સાથે વર્ષોથી કામ કરતા વિવિધ વિષય પરના વકતાઓ અને તજજ્ઞોએ પોતાના અનુભવો અને વાસ્તવિક જ્ઞાનના આધારે; દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે તજજ્ઞોને રોકવાથી વધુ સારી સુવિધા આપી શકાશે તથા ઈન્કલુઝન દ્વારા શ્રેષ્ઠ પરિણામ મેળવી શકાશે, તેવો અભિપ્રાય વ્યક્ત

કર્યો હતો. શ્રી નિતિનભાઈ ભાવસારે પોતાનું જ્ઞાનસભર વકતવ્ય પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આપ્યું હતું.

આ પછી હાઈટેક સ્કૂલના ચેરમેન શ્રી ધંધુકિયા સાહેબે પોતાના અનુભવોના આધારે શ્રેષ્ઠ ઈન્કલુઝન વિષે વકતવ્ય આપ્યું હતું અને પોતાના અનુભવો તથા સ્કૂલમાં કરેલી કામગીરીની વિગત આપી હતી. શ્રી બાબાભાઈએ ઈન્કલુઝનમાં તજજ્ઞોની જરૂરિયાત જણાવી હતી. અતિથિ વિશેષ શ્રી આર.એસ. ઉપાધ્યાય સાહેબે, 'શિક્ષણક્ષેત્રે દિવ્યાંગો માટે કરેલા પ્રયોગો અને પ્રયત્નો' જણાવ્યા હતાં. કાર્યક્રમના અધ્યક્ષ માનનીય પંડિત સાહેબે મનનીય વકતવ્યમાં દિવ્યાંગ બાળકોના શિક્ષણમાં તેના તજજ્ઞોનું મહત્વ જણાવ્યુ હતું. જયારે શ્રી લાભુભાઈએ ચર્ચા સભામાં રજૂ થયેલા વિચારો અને અનુભવોનું નિષ્કર્ષ કાઢી, હાઈટેક સ્કૂલમાં આ અમલીકરણ કરવા માટેના સુઝાવ આપતા, હાઈટેક સ્કૂલમાં નોર્મલ બાળકો અને વિશિષ્ટ બાળકોના શિક્ષણ માટે સરકારનો અભ્યાસક્રમ અને તજજ્ઞોનો ઉપયોગ કરવો જોઈએ તેમ જણાવ્યુ હતું.

ઉપસ્થિત વિવિધ મહાનુભાવોએ પણ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતાં. આ કાર્યક્રમમાં મુંબઈથી પધારેલા PNR સોસાયટીના ચેરમેન શ્રી નરેન્દ્રભાઈ શાહ અને સહમંત્રી શ્રી પ્રકાશભાઈ દેસાઈ, ટ્રેઝરર શ્રી રાખશિયા સાહેબ, ટ્રસ્ટી શ્રી પ્રદીપભાઈ ભટ્ટ, શ્રી રાજેશભાઈ હકાણી, શ્રી અશ્વિનભાઈ પંડયા (માનદ મંત્રી, બહેરાં-મૂંગા શાળા), શ્રી મહેશભાઈ પાઠક (માનદ મંત્રીશ્રી, અંધશાળા) વિગેરે મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં આભારવિધિ PNRના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે કરી હતી.

# કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ



✍ ધીરુભાઈ ધંધુકિયા

## વિકલાંગતા અટકાવ અભિયાન અંતર્ગત આંખ, કાન અને ગળાની તપાસણી



સ્કૂલમાં તા. ૨૯-૧૧ ના રોજ અંધત્વ અને બહેરાશ અટકાવ અભિયાન અંતર્ગત આંખ, કાન, નાક, ગળા અને અન્ય વિકલાંગતા માટે ધો. ૧ થી ૧૨ ના તમામ બાળકોની તપાસણી કરવામાં આવી હતી. આ પ્રાથમિક સારવાર માટે શ્રી જીજ્ઞેશભાઈ પારેખ તેમજ તેની ટેકનીશયનની ટીમ હાજર રહી અને તમામ બાળકોની તપાસ કરી જેમને જરૂરિયાત હતી તેમને, વિનામૂલ્યે ચશ્મા પણ વિતરણ કરવામાં આવશે.

## નેશનલ લેવલ રંગોત્સવ કોમ્પિટીશન




સ્કૂલમાં તા. ૨૯-૧૧ ના રોજ રાષ્ટ્રીય કક્ષાના 'રંગોત્સવની ઉજવણી' કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધો. ૧ થી ૧૨ ના કુલ ૧૩૦ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં રંગપૂર્ણી, કોલાજવર્ક, ફિંગરપ્રિન્ટ, થમપ્રિન્ટ, સ્કેચ આર્ટ, પેરેગ્રાફ, કલરિંગ અને ગ્રિટીંગ કાર્ડ જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓએ પોતાની કલાત્મક શક્તિઓ દ્વારા સુંદર દેખાવ કર્યો હતો. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કલાને બહાર લાવવાનો હતો.

## ગ્રાહક સુરક્ષા અંતર્ગત નિબંધ સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા



સ્કૂલમાં તા. ૧૦-૧૨ ના રોજ 'ગ્રાહક સુરક્ષા' કાર્યક્રમની અંતર્ગત નિબંધ સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. તેમાં ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગ્રાહકો સાથે થતી છેતરપિંડી, લોભામણી જાહેરાતો, વસ્તુઓના સેલ અને વસ્તુની એક્સપાયરી ડેટથી સાવધાન રહેવા બાબતના સૂચનો અને પોતાના વિચારો રજૂ કરવામાં આવેલ. તેમજ 'જાગો ગ્રાહક જાગો, "Consumer Protection, Consumer Rights" જેવા સુંદર ચિત્રો ગ્રાહક જાગૃત થાય તે માટે દોર્યા હતાં.

નોંધ : ઉપરોકત તમામ કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા અને શ્રી દક્ષાબેનના માર્ગદર્શન હેઠળ દરેક શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું હતું.



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ
# દિવ્યાંગો માટે આશા કિરણ

✍ અમિત મિત્રા


## વોકેશનલ એક્ટિવિટી :




પી.એન.આર. સોસાયટી સંચાલિત અને નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી દ્વારા ચલાવવામાં આવતા દિશા કમ વિકાસ પ્રોજેક્ટ દ્વારા બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત નવેમ્બર માસ દરમ્યાન બાળકોને પ્રિ-વોકેશનલ એક્ટિવિટીમાં **નાનખટાઈ પેક કરતા** અને **પ્રાઈઝ ટેગ લગાવતા, તોરણ હેન્ગિંગ** અને **દોરીના કિચેઈન** બનાવતા બાળકોને શીખવવામાં આવ્યું હતું.

## લોકલ પ્રોજેક્ટ કમિટી મિટીંગ :

તા. ૨૫/૧૧ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટની મિટીંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં નીચેના મુદ્દા અંગે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ.પ્રોજેક્ટના વિદ્યાર્થીઓને વોકેશનલ ટ્રેનિંગ આપવા બાબત, વિદ્યાર્થીઓની સંત્રાંત પરીક્ષાનું પરિણામ આપવા લેવા બાબત, પ્રોજેક્ટના લાભાર્થી બાળકોના વાલીઓને ફિઝિયોથેરાપીની કસરતની અગત્યતા, માર્ગદર્શન આપવા બાબત.



# સકસેસ સ્ટોરી



**બાળકનું નામ :-** રૂદ્ર બટુકરાય પંડયા
**ઉંમર :-** ૦૪ વર્ષ
**સમસ્યા :-** મલ્ટીપલ ડિસેબિલિટી
**શિક્ષકનું નામ :-** ડો. કૃણાલ મિસ્ત્રી (ફિઝીયોથેરાપીસ્ટ)

### સારવાર પહેલાં

પંડયા રૂદ્ર પ્રોજેક્ટ સાથે છેલ્લા બે વર્ષથી જોડાયેલ છે. રૂદ્રને શરૂઆતમાં ગરદનની સમતુલા ન હતી. જેથી તેનુ માથુ ઉંચુ રહી શકતુ ન હતું. તેની કોણી અને ગોઠણ કડક હોવાથી યોગ્ય હલન-ચલન થઈ શકતુ ન હતું. આ ઉપરાંત તેના કમરના સ્નાયુ અતિશય નબળા અને પીંડીના સ્નાયુ ખૂબ જ કડક હોવાને કારણે તેને બેસવામાં અને ઉભા રહેવામાં ખૂબ જ તકલીફ પડતી હતી. સાથે-સાથે તેના થાપાનો પણ યોગ્ય વિકાસ થયેલ ન હતો તેથી ડોકટરે તેને થાપાાની સર્જરી તથા ફિઝીયોથેરાપીની સારવારની સલાહ આપી હતી.

### સારવાર બાદ

અત્યારે રૂદ્રને ગરદનની સમતુલા બરોબર થઈ ગયેલ છે, જેથી કરીને તે પોતાનું માથુ ઉંચુ રાખી શકે છે. કોણી અને ગોઠણની યોગ્ય હલન-ચલન કરી શકે છે. તે હવે સ્વતંત્ર રીતે બેસી શકે છે અને ટેકા સાથે ઉભો પણ રહી શકે છે. થાપાનો યોગ્ય વિકાસ થઈ રહ્યો છે, જેથી હવે એક બાજુના થાપાની સર્જરીની હવે જરૂરિયાત નથી, તેવું ડોકટરનુ કહેવુ છે.

આવી રીતે ફિઝીયોથેરાપીની સારવાર દ્વારા બાળક (રૂદ્ર) માં સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે.

# સ્વ. શ્રી શશીકાંતભાઈ સાકરલાલ વેલાણી ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ ફોર સ્પેશ્યલ એજ્યુકેશન (મેન્ટલ રીટાર્ડેશન)



✍ ડો. ભાવિકા કામદાર

## અવેરનેસ કેમ્પ

ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા **આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિવસ**ની ઉજવણીના ભાગરૂપે પંડિત દિન દયાળ ઉપાધ્યાય સંસ્કારધામ, શાળા નંબર ૧૯ શાળા ખાતે, એક **અવેરનેસ કેમ્પ** યોજવામાં આવેલ. જેમાં વિકલાંગતા એટલે શું ? તેના જન્મ પાછળના કારણો, વિકલાંગતાના વિવિધ પ્રકારો, તેમના લક્ષણો તેમને અટકાવવાના ઉપાયો અંગે તાલીમાર્થીઓએ ચાર્ટ તથા PPT ના માધ્યમથી રસપ્રદ શૈલીમાં અતિ ઉપયોગી માહિતી આપી હતી. કો-ઓર્ડિનેટર ડો. ભાવિકાબેન કામદાર તથા શ્રી આરીફભાઈ જેઠવાના માર્ગદર્શન અને સંકલન હેઠળ તાલીમાર્થીઓએ આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

# એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ



✍ સુકેતુભાઈ શાહ







## PNR સોસાયટીના AT & T ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ દ્વારા દિવ્યાંગોને ટ્રેનિંગ માટે લેપટોપ અપાયા

PNR સોસાયટી ભાવનગર સંચાલિત AT & T ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ દ્વારા, તા. ૧૯-૧૨ ના રોજ વલ્લભીપુર તાલુકાના ૨૫ દિવ્યાંગોને ઓનલાઈન ટ્રેનિંગ માટે ઉપયોગ કરવા લેપટોપ, ડોંગલ, પુસ્તકો વિગેરે આપવાનો કાર્યક્રમ સંસ્થામાં યોજાયો હતો. જેમાં સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે આ ટ્રેનિંગને સાર્થક અને પરિણામલક્ષી બનાવવા ઉપસ્થિત તાલીમાર્થીઓને અપીલ કરી હતી.

આ પ્રસંગે શ્રી પ્રફુલભાઈ શાહ (USA) અને શ્રી જયોતિકાબેન જોશી, શ્રી જયંતભાઈ રાજયગુરૂ, સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ, ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, ટ્રસ્ટી શ્રી પ્રદીપભાઈ ભટ્ટ, સિનિયર એક્ઝિકયુટિવ શ્રી સુકેતુભાઈ શાહ વિગેરે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લેપટોપ વિગેરે વિતરણ કરાયું હતું. કાર્યક્રમનું સંચાલન કોર્સ કો-ઓર્ડિનેટર શ્રી મેહુભાઈ બુધેલિયાએ કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે કરી હતી.

## સંસ્થા મુલાકાત




રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ તથા વિમળાબેન હરકિશનદાસ મહેતા કન્યા છાત્રાલય, રાજુલાની આ બંને સંયુકત સંસ્થાના એન.એસ.એસ. યુનિટ-૧ તથા ૨ ના સ્વયં સેવકો, કુલ ૧૦૫ સ્વયંસેવક વિદ્યાર્થીની બહેનોએ તા. ૧૬-૧૨-૨૪ ના રોજ પી.એન.આર. સોસાયટી તથા સંલગ્નિત સંસ્થાઓની મુલાકાત લીધી હતી. સૌ પ્રથમ સંસ્થાના ટ્રસ્ટી શ્રી ધીરૂભાઈ ધંધુકિયા દ્વારા આવકાર આપવામાં આવેલ. ત્યારબાદ નટરાજ ઓડિટોરિયમમાં સંસ્થાની માહિતી તથા પ્રવૃત્તિનો વિડીયો બતાવવામાં આવેલ. સાથેજ વિવિધ સંસ્થાઓ અંધ ઉદ્યોગ શાળા, શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા, પી.આર. વાધર આર્ટિફિશીયલ લિમ્બ સેન્ટર, નટરાજ સી.પી. સ્કૂલ તથા કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ તથા પી.એન.આર. હોસ્પિટલ, એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ વિગેરે તમામ સંસ્થાઓની પ્રવૃત્તિઓ પ્રત્યક્ષ બતાવવામાં આવી હતી. બાળકોએ બનાવેલ વસ્તુની ખરીદી અને નટરાજ ઓડિટોરીયમ હોલમાં સંસ્થાના ટ્રસ્ટી શ્રી બાબાભાઈ, શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબને રાજુલા સંસ્થાએ, આભાર સાથે સ્મૃતિ ભેટ આપી હતી. બહેનોને વિઝીટ દરમ્યાન જાણકારી તથા માર્ગદર્શન માટે શ્રી કેતનભાઈ રૂપેરા, શ્રી દિનેશભાઈ મકવાણા તથા શ્રીખેવનાબેન ઓઝાએ કામગીરી બજાવેલ હતી. સાંજે સંસ્થાના ટ્રસ્ટીઓ સાથે ગેટ ટુ ગેધર રાખવામાં આવ્યું હતું. શાળાની સ્વચ્છતા, શાંતિ તથા પ્રકૃતિ વચ્ચેના વૈભવ, અદ્યતન સુવિધાઓ નિહાળી બહેનોએ ધન્યતા અનુભવી હતી.



# PNR હોસ્પિટલ

**ડિસેમ્બર 2024 દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

✍ મહાસુખભાઈ જકડિયા

| વિભાગ | તપાસેલ દર્દીની | પ્રોસિજર | ઓપરેશન સંખ્યા |
|---|---|---|---|
| • ઓર્થોપેડિક | ૧૭૫ | ૧૦ | ૦૨ |
| • આંખ | ૧૪૧૧ | - | ૩૮૧ |
| • છારી | ૬૬ | - | - |
| • ઈ.એન.ટી. | ૩૨૮ | ૧૬૭ | ૦૫ |
| • હેર ટ્રાન્સપ્લાન્ટ | ૨૯ | - | ૧૨ |
| • આર્થોસ્કોપી | ૨૬ | - | - |
| • ડેન્ટલ | ૯૭ | ૮૨ | - |
| • લેબોરેટરી | ૫૩૫ | ૧૮૩૬ | - |
| • પીડિયાટ્રિક ડેન્ટલ | ૦૨ | ૦૨ | - |
| • ચામડી | ૨૫ | ૦૨ | - |
| • પ્લાસ્ટિક સર્જરી | ૨૬ | - | ૦૫ |

| વિભાગ | તપાસેલ દર્દીની |
|---|---|
| • જનરલ ઓપીડી | ૬૨૮ |
| • એક્ષ-રે | ૯૫ |
| • આંખના પડદા | ૩૩ |
| • M. D. ફિઝીશ્યન | ૧૩ |

- આ માસ દરમિયાન આપણી હોસ્પિટલમાં કુલ ૪૨૬૭ દર્દીઓએ સારવારનો લાભ લીધો હતો.
- આ મહિનામાં સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ ૯૫ લાભાર્થીઓએ રૂા. ૧૮,૫૦૫/- ની સહાય મેળવેલ છે તથા મહાવીર મેડિકલ સહાય નીચે કુલ ૧૫ લાભાર્થીઓએ રૂા. ૨,૧૧૯૦/- ની સહાય મેળવેલ છે.



**મુલાકાત** : બહેરાં-મૂંગા શાળાના ૮થી ૧૨વર્ષના બાળકોને હોસ્પિટલ, ડોકટર, લોહી તપાસ (લેબ)ની કામગીરીનું પ્રત્યક્ષ જ્ઞાન મળે તે હેતુથી તા.૨-૧૨-૨૪ ના રોજ મુલાકાત કરાવેલ. હોસ્પિટલના ચેરમેન શ્રી મહાસુખભાઈ, શ્રી નિલેશભાઈ તથા સ્ટાફ સાથે શાળાના શિક્ષક શ્રી કવિતાબેન શાહ રહેલ. અને બાળકોને તેમની ભાષામાં સમજણ આપી હતી.



# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર

✍ જીજ્ઞેશ પારેખ

### 1. પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :

તા. ૭ થી ૧૧ નવેમ્બર `૨૪ ના રોજ કોન્જીનીટલ ડિફોરમિટી પ્રોજેક્ટ અન્વયે, પ્લાસ્ટિક સર્જરી કેમ્પ નું આયોજન, દાતાશ્રી LKP FINANCE LTD., MUMBAI ના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ ૨૬ બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી ૨ કપાયેલાં હોઠ, ૧ તાળવામાં કાણું અને ૨ હાઈપોસ્પેડિયા એમ કુલ ૦૫ ઓપરેશન કર્યા હતાં. આ કેમ્પ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા અને ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલના નર્સિંગ સ્ટાફની જહેમતથી સફતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

### 2. ઈમ્પેકટ ફાઉન્ડેશન-યુ.કે. ડેફનેસ બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ :

PNR સંસ્થા દ્વારા પ્રવીણચંદ્ર દલાલ ડિસેબલ્ડ પ્રિવેન્શન સેન્ટરમાં વર્ષ ૨૦૨૪`-૨૫ માં, ઈમ્પેકટ ફાઉન્ડેશન-યુ.કે. ના આર્થિક સહયોગથી આ પ્રોજેકટ શરૂ કર્યો છે. આ પ્રોજેકટમાં વર્ષ દરમિયાન એક લાખ બાળકોની આંખ અને કાનની પ્રાથમિક તપાસ કરી, રિફ્રેક્ટિવ એરરવાળા બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ, તેમજ ત્રાંસી આંખ, ઢળેલી પાંપણ, બાળ મોતિયો, તેમજ કાનમાં ઈયર ડિસ્ચાર્જવાળા બાળકોને, ડોકટર દ્વારા નિદાન કરી, તેની સારવાર (સર્જરી) વિનામૂલ્યે કરી આપવામાં આવે છે.નવેમ્બર`૨૪ દરમિયાન ભાવનગર જિલ્લાના, પાલિતાણા તાલુકાની પ્રાથમિક શાળાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં

3686 બાળકોનું પ્રાઈમરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું, તેમાંથી આંખની રિફ્રેક્ટીવ એરરવાળા 252 જોવા મળ્યાં હતાં અને કાનની વિવિધ તકલીફવાળા 138 બાળકો જોવા મળ્યાં હતાં, 822 બાળકોને ચશ્માની જરૂરિયાત હોય તેનું વિતરણ કરવામાં આવ્યું હતું. ENT કેમ્પ તા. 29-11 ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ ખાતે ઓડિયોલોજી કેમ્પ સાથે ENT કેમ્પનું આયોજન કરેલ. તેમાં સિદસર કેન્દ્ર વર્તી સ્કૂલ, તરસમિયા, ઘનશ્યામનગર, અધેવાડા પ્રાથમિક શાળાના બાળકોના કાનની તકલીફવાળાને બોલાવવામાં આવ્યાં હતાં. જેમાં ડૉ. અશોકભાઈ બારૈયા (ENT સર્જન) એ 28 બાળકોને તપાસી પ્રિસ્ક્રાઈબ કર્યા તે મુજબ દવા આપવામાં આવી હતી. કાનની તકલીફવાળા બાળકોને PNR હોસ્પિટલમાં વધારાની ટ્રીટમેન્ટ માટે રિફર કર્યા, તેમાંથી સંસ્થાની હોસ્પિટલમાં ડૉ. અશોકભાઈ બારૈયા (ENT સર્જન) Tympanoplasty અને Mastoidectomy With Tympanoplasty દ્વારા 05 સર્જરી સફળતાપૂર્વક કરી આપવામાં આવી હતી.

### 3. Lady Egremont Pediatric Ophthalmic Centre :

ત્રાંસી આંખનું ઓપરેશન બાળકની અમુક ઉંમર કે દેખાવાની દ્રષ્ટિ હોય તે દરમિયાન જો ન કરવામાં આવે તો બાળક ધીરે-ધીરે જોવાની દ્રષ્ટિ ગુમાવે છે. ત્રાંસી આંખ ચહેરાની સુંદરતાને મારી નાખે છે. આ બધું તો ઠીક, પરંતુ જ્યારે નાના બાળકોને ત્રાંસી આંખ, ઢળેલી પાંપણ, બાળ મોતિયો, આંખમાં ફૂલુ વગેરે તકલીફ હોય ત્યારે બાળકને ખૂબજ મુશ્કેલી પડતી હોય છે. આ ઉપરાંત આ ઓપરેશન ખૂબજ ખર્ચાળ હોય છે, જે સામાન્ય માણસને પરવડે તેમ ન હોય તેઓ કરાવી શકતા નથી. બધી સમસ્યાનું સમાધાન પી.એન.આર. સોસાયટી તથા દાતાશ્રીઓના સાથ સહકારથી, પ્રિવેન્શન પાર્ટનરશિપ પ્રોગ્રામ દ્વારા સારવાર-નિદાન અને ઓપરેશન થયા છે, અને તે પણ નિઃશૂલ્ક. Lady




Egremont Pediatric Ophthalmic Centre, PNR હોસ્પિટલમાં કેમ્પ તા. ૨૨ નવેમ્બરના રોજ ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ.કે. ના આર્થિક સહયોગથી ઓર્ગેનાઈઝ કરવામાં આવ્યો હતો. આ કેમ્પ દરમ્યાન PNR હોસ્પિટલમાં મુંબઈના જાણીતા Pediatric Ophthalmic Surgeon, Dr. Janak Shah (M.B. Do. Bom.), (DO. M.S. Bom.) અને Dr. Preeti Shah આવ્યાં હતાં. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ ૩૮ બાળકોની તપાસ ડો. જનક શાહ-ડો. પ્રિતી શાહ (Pediatric Ophthalmic) સર્જન દ્વારા કરવામાં આવી હતી. જે પૈકી ત્રાંસી આંખ-૨, ટોસીસ-૧, નિસ્ટેગ્મશ (ઈન્જેકશન ટ્રાયસેન્સ)-૩, ફંડશ એન્ડ રિફ્રેશન-૪ એમ કુલ ૧૦ ઓપરેશન કરવામાં આવ્યાં હતાં. આ કેમ્પમાં ખૂબ જ સારો લોક પ્રતિભાવ મળેલ. આ કેમ્પને સફળ બનાવવામાં ડો. જનક શાહ તેમજ PNR હોસ્પિટલના સ્ટાફ તથા એનેસ્થેટીક ડોકટર્સ તથા પ્રિવેન્શન વિભાગના શ્રી જિજ્ઞેશભાઈ પારેખ, શ્રી મનસુખભાઈ દિહોરા, શ્રી વિનોદભાઈ પરમારે બનાવવા સારી એવી જહેમત લીધી હતી.



## શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય



- તા. ૨૩-૧૦ ના રોજ શ્રી બંસલ પરિવાર તરફથી છાત્રાલય તથા લોકલ, તેમજ ચોથા વર્ગના કર્મચારીઓને મિઠાઈ આપી અને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી.
- તા. ૨૩-૧૦ ના રોજ શ્રી ચિરાગભાઈ તરફથી છાત્રાલયના બધાજ બાળકો તથા નટરાજ હોસ્ટેલના બાળકોને કાજુકતરીની મિઠાઈ આપીને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી.
- તા. ૨૪-૧૧ ના રોજ જય આદિનાથ ભકિત ગ્રુપના પ્રોગ્રામ નં. ૬૨ નિમીત્તે બાળકોને મિઠાઈ ફરસાણ સાથેનું ભોજન કરાવ્યું.
- તા. ૪-૧૨ ના રોજ સ્વ. શ્રી રેખાબેન રાખશિયાની પૂણ્યતિથિ નિમિત્તે શ્રી રાખશિયા સાહેબ તરફથી બાળકોને મિઠાઈ ફરસાણ ભોજન સાથે આપ્યું હતું.
- તા. ૫-૧૨ ના રોજ શ્રી હસમુખભાઈ ચીમનભાઈ મહેતાના ૮૦ મા જન્મદિવસ નિમીત્તે બાળકોને મિષ્ઠાન ભોજન કરાવ્યું હતું.
- તા. ૧૦-૧૨ ના રોજ શ્રી સમીરભાઈ શાહ તરફથી બાળકોને નાસ્તો આપવામાં આવ્યો હતો.

દાતાશ્રી ચિરાગભાઈ તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ શિયાળાની શરૂઆત થતાજ, છાત્રાલયના બધાજ બાળકો તથા નટરાજ હોસ્ટેલના બધા જ બાળકોને ગરમ ટોપીનું વિતરણ કર્યું હતું.



# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા પ્રાથમિક વિભાગ



✍ ગજાનંદભાઈ ભટ્ટ

## વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી :

સમગ્ર વિશ્વમાં ૧૯૯૨ થી દર વર્ષે ત્રીજી ડિસેમ્બરે **વિશ્વ વિકલાંગ દિવસ** ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વિકલાંગ લોકો પ્રત્યે કરૂણા, આત્મ સન્માન અને તેમના જીવન સુધારવાનો છે. સમગ્ર વિશ્વમાં વિવિધ કાર્યક્રમો દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

પ્રાથમિક શાળામાં પણ આ દિવસની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવી. જેમાં પ્રાર્થના રૂમમાં ચાર્ટ-ચિત્રની મદદથી બધા બાળકોને ૨૧ પ્રકારની વિકલાંગતા વિશે તેમજ આ વર્ષની સરકારશ્રીની થીમ "સમાવિષ્ટ અને ટકાઉ ભવિષ્ય માટે વિકલાંગોના નેતૃત્વને વિકસાવવું'' વિશે સાઈન સાથે સમજ આપવામાં આવી.

આ ઉપરાંત નર્સરીથી ધો. ૮ ના સુધીના બાળકોને વિવિધ રમતો જેવી કે લીંબુ-ચમચી, સંગીત-ખુરશી, ટોપલીમાં બોલ નાખવો, લંગડી દાવથી વસ્તુ પકડવી, અંદર-બહાર દોરડા ખેંચ, પાસિંગ બોલ, દોરડા કૂદ, રૂમાલ પકડવો વિગેરે રમતો રમીને વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી કરવામાં આવી.

આ પ્રોજેકટને સફળ બનાવવા બંને પ્રોજેકટ મંત્રીશ્રીઓએ, આચાર્યશ્રીના માર્ગદર્શનમાં ભારે જહેમત ઉઠાવી હતી. અંતમાં વિજેતા બનેલ તમામ બાળકો અને શિક્ષકોને પાઉચ, તેમજ શાળાના બાળકો દ્વારા બનાવેલ ભેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. બધા બાળકોના ચહેરા ઉપર આ ઉજવણીનો ઉજાશ સ્પષ્ટ દેખાતો હતો.

# શ્રીમતી મહાલક્ષ્મીબહેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા



✍ જ્યોતિબેન ભટ્ટી

## 'જન જાતિ ગૌરવ દિવસની ઉજવણી' :

શાળામાં તા. ૨૬-૧૧ ના રોજ ભારત માતાના પનોતા પુત્ર, એક મહાન યોધ્ધા, સમાજ સેવક અને સ્વાતંત્ર્ય સેનાની 'ધરતી આબા' ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી, શ્રી મહાવીર ઓડિટોરીયમમાં કરવામાં આવી હતી. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ ભગવાન બિરસા મુંડાના કાર્યો અને તેમના જીવનકવન વિશે રસપ્રદ વકતવ્ય આપ્યું હતું. જેમાં બિરસા મુંડાનો જન્મ ૧૮૭૫માં અને મૃત્યુ ૧૯૦૦ માં થયું. એટલે કે ફકત ૨૫ વર્ષના આયુષ્યમાં વનવાસી સમાજ માટે, ભારતીય સંસ્કૃતિ માટે અને ધર્મરક્ષા માટે તેમણે કરેલા કાર્યોની સરળ ભાષામાં સમજ આપી હતી. શ્રી યોગેશભાઈ ગોસ્વામીએ બિરસા મુંડાનો વિડીયો-પિકચર્સ દર્શાવ્યાં હતાં. તેમજ સમગ્ર કાર્યક્રમમાં શ્રી જયોતિબેન બારૈયાએ સાઈન દ્વારા સમજ આપી હતી.

## 'ડો. અશ્વિનભાઈ પંડ્યાનું પ્રેરક ઉદ્દબોધન' :

શાળામાં તા. ૩૦-૧૧ ના રોજ ધો. ૧૦-૧૨ ના વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં વધુ મહેનત કરે અને સારા માર્કસ સાથે પાસ થઈ ઉજ્જવળ ભવિષ્ય બનાવે, તે હેતુસર મહાવીર ઓડિટોરીયમમાં વિશેષ વકતવ્ય ગોઠવવામાં આવ્યું હતું. તેમાં તમામ શિક્ષકશ્રીઓ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ પ્રાસંગિક ઉદ્દબોધન સંદર્ભે ધો. ૧૦-૧૨ ના વિદ્યાર્થીઓને ૧૦૦% સફળતા માટેના માઈક્રોપ્લાનિંગના આયોજન વિશેની સમજ આપી હતી. તેમજ પરીક્ષાના પરિણામ અંગેની રજૂઆત કરી હતી. ત્યારબાદ મુખ્ય મહેમાન તરી-કે ડો. અશ્વિનભાઈ પંડયાએ શા માટે મહેનત કરવાની ? ધો. ૧૦-૧૨ માં સારા પરિણામ આવે તો શું થાય ?, ડેફ ફેમિલીની મર્યાદાઓ, ડેફ બાળકોના ભવિષ્યના પ્લાનિંગની સમજ આપી હતી. સમગ્ર કાર્યક્રમની સાઈન દ્વારા સમજ શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલ અને શ્રી જયોતિબેન બારૈયા દ્વારા આપવામાં આવી હતી.



### '૩જી ડિસેમ્બર - વિશ્વ વિકલાંગતા દિવસની ઉજવણી':

શાળામાં તા. ૩-૧૨ ના રોજ 'વિશ્વ વિકલાંગતા દિવસ' ની ઉજવણી મહાવીર ઓડિટોરીયમમાં કરવામાં આવી હતી. આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ્ય દિવ્યાંગ લોકોના અધિકારોને પ્રોત્સાહન આપવા અને તેમના વિશે જાગૃતિ વધારવાનો છે. આ ઉજવણી અંતર્ગત શ્રી મહાવીર ઓડિટોરીયમ PGP Glass Private Limited કંપનીના કાર્યક્રમમાં આપણી સંસ્થાના માનદ મંત્રીશ્રી ડો. અશ્વિનભાઈ પંડયા, ચીફ ગેસ્ટ તરીકે લાઈવ જોડાયાં હતાં. જેમાં ડો. અશ્વિનભાઈએ PGP માં કાર્યરત દિવ્યાંગ કર્મચારીઓને અભિનંદન આપ્યાં અને દિવ્યાંગ લોકોને બીજાથી વિશેષ કામ કરવા માટે પ્રેરણા આપી હતી. તેમજ દિવ્યાંગ લોકોની મર્યાદા સ્વીકારી, સમાજમાં વધુ સ્વીકૃત બનાવવા જોઈએ અને મદદ કરવી જોઈએ, તે અંગે ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ સમક્ષ, તેમજ ઓનલાઈન વકતવ્ય આપ્યું હતું. તેમાં ગુજરાત ભરના ૭૦૦ થી વધુ દિવ્યાંગ લોકો ઓનલાઈન જોડાયા તથા PGP કંપનીના હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ, તેમજ કંપનીના વિવિધ ડિપાર્ટમેન્ટના લોકો પણ જોડાયાં હતાં.શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે, ઓ.એસ. શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા, ટી.ટી.સી. કોલેજના કો-ઓર્ડિનેટર શ્રી ધવલભાઈ વ્યાસના માર્ગદર્શન મુજબ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ સાઈન દ્વારા 'વિશ્વ વિકલાંગતા દિવસ' વિશેની જાણકારી શ્રી જયોતિબેન બારૈયા દ્વારા આપવામાં આવી હતી.

### 'સ્કિલ કોમ્પિટિશન - કૌશલ્યોત્સવ' :

તા. ૩૦-૧૧ ના રોજ શાળાના વિદ્યાર્થઓમાં કૌશલ્ય વિકાસ માટે અભિરૂચિ અને અભિયોગ્યતા કેળવાય તે હેતુથી 'સ્કિલ કોમ્પિટિશન-કૌશલ્યોત્સવ' નું આયોજન IT/ITOS વોકેશનલ ટ્રેનર શ્રી ઉજ્જવલાબેન વ્યાસે કર્યું હતું.

આ આયોજન અંતર્ગત ધો. ૯ ના વિદ્યાર્થીઓ દ્વારા Use Correct fingers for the keyboard, Domain Model, Smart VIllage એમ ત્રણ ચાર્ટસ્ બનાવ્યાં. શાળાના તમામ વિદ્યાર્થીઓ માટે આ મોડલ અને ચાર્ટસ્નું નિદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું. ધો. ૯ ના વિદ્યાર્થીઓએ સાઈન દ્વારા સરળ સમજૂતી પણ આપી હતી. કૌશલ્યોત્સવનો ઉદ્દેશ્ય શિક્ષણને પ્રોત્સાહન, પ્રતિભાઓની ઓળખ, વ્યાવસાયિક શિક્ષણ અને ઉદ્યોગની જરૂરિયાતો વચ્ચે સંકલન સુનિશ્ચિત થાય, જે વિદ્યાર્થીઓને વધુ રોજગારીને પાત્ર બનાવે, તે રહેલો છે.

સમગ્ર કોમ્પિટિશનમાં નિર્ણાયક તરીકે શાળાના શિક્ષક શ્રી યોગેશભાઈ ગોસ્વામી અને શ્રી પારસબેન વઘાસિયાએ સેવા આપી હતી. જેમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ પ્રોજેકટને, જિલ્લા કક્ષાએ યોજાનાર સ્પર્ધામાં શાળાનું પ્રતિનિધિત્વ કરવાનું છે. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેના માર્ગદર્શન મુજબ સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટી ડો. અશ્વિનભાઈ પંડયા દ્વારા સમગ્ર કાર્યક્રમની શુભેચ્છા આપવામાં આવી હતી.

# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા


## શ્રી મનહરભાઈ પારેખ (Atlanta USA)ની 60મી લગ્ન વર્ષગાંઠ નિમિત્તે નિઃશૂલ્ક કૃત્રિમ હાથ-પગ વિતરણ ફીટમેન્ટ કેમ્પ યોજાયો.

શ્રી મનહરભાઈ પારેખ (Atlanta USA) ની ૬૦ મી લગ્ન વર્ષગાંઠ નિમીત્તે શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ ભાવનગર ખાતે **નિઃશૂલ્ક કૃત્રિમ હાથ-પગ વિતરણ ફીટમેન્ટ કેમ્પ** યોજવામાં આવ્યો હતો. જેમાં હાથ-પગ કપાયેલાં ૧૫ નાગરિકોને કૃત્રિમ હાથ-પગ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી વાસુદેવભાઈ, શ્રી ઉષાબેન, શ્રી પરેશભાઈ મહેતા, સંસ્થાના માનદ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા અને શ્રી રવિભાઈ વાટલિયા ઉપસ્થિત રહ્યાં હતાં. દાતા-મહેમાનોના વરદ હસ્તે લાભાર્થીઓને કૃત્રિમ હાથ-પગ વિતરણ કરવામાં આવ્યાં હતાં. જેથી તે લોકોમાં અનેરા આનંદ છવાયેલો જોવા મળ્યો હતો. કાર્યક્રમની ઉદ્દઘોષણા શ્રી રવિભાઈ વાટલિયાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમ માટે સંસ્થાના સ્ટાફે ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

## શ્રી મનહરભાઈ પારેખ (Atlanta USA)ની 60મી લગ્ન વર્ષગાંઠ નિમિત્તે જરૂરતમંદ વરિષ્ઠ નાગરિકોને શ્રવણયંત્ર વિતરણ કેમ્પ યોજાયો.

શ્રી મનહરભાઈ પારેખ (Atlanta USA) ની ૬૦ મી લગ્ન વર્ષગાંઠ નિમીત્તે શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ ભાવનગર ખાતે જરૂરિયાતમંદ વરિષ્ઠ નાગરિકો માટે નિઃશૂલ્ક **શ્રવણયંત્ર વિતરણ કેમ્પ** યોજવામાં આવ્યો હતો. જરૂરિયાતમંદ ૩૧ વરિષ્ઠ નાગરિકોને તેમની બહેરાશ અનુરૂપ બિહાઈન્ડ ધી ઈયર શ્રવણયંત્ર વિનામૂલ્યે આપવામાં આવ્યાં હતાં. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી વાસુદેવભાઈ, શ્રી ઉષાબેન, શ્રી પરેશભાઈ મહેતા, સંસ્થાના માનદ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા, શ્રી અનીલકુમાર સિંહ, શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા અને શ્રી શૈલેષભાઈ દવે ઉપસ્થિત રહ્યાં હતાં. દાતા- મહેમાનોના વરદ હસ્તે શ્રવણયંત્ર વિતરણ કરવામાં આવ્યું હતું. ડો. અશ્વિનભાઈ પંડયાએ પ્રવચનમાં દાતાશ્રી મનહરભાઈ પારેખના જીવન પ્રસંગે પ્રાસંગિક વાત કરી,તેમજ તેમના મિત્ર શ્રી વાસુદેવભાઈએ પણ પ્રાસંગોચિત ઉદ્દબોધન કર્યું હતું. જેથી તે લોકોમાં અનેરા આનંદ છવાયેલો જોવા મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમ માટે સંસ્થાના સ્ટાફે ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

# પી.આર.વી. વર્કશોપ



✍ અશ્વિન જી. પંડ્યા (ચેરમેન)

## કૃત્રિમ સાધનનો કેમ્પ

તા. ૧૦-૧૨ ના રોજ શ્રી મનહરભાઈ પારેખ અને શ્રી મુકતાબેન પારેખ દ્વારા કુલ ૧૬ દિવ્યાંગ વ્યકિતને પસંદ કરીને કુલ ૧૯ કૃત્રિમ સાધનો પૂરાં પાડવામાં આવ્યાં હતાં. જેના લાભાર્થીઓનો આજરોજ કૃત્રિમ સાધન સહાય કેન્દ્રમાં કેમ્પ યોજવામાં આવે હતો. જેમાં આખા પગ-૩, અડધા પગ-૫, આખો હાથ-૧ અને કેલીપર્સ-૭, અન્ય સાધન-૩ એમ કુલ ૧૯ સાધનો દાતાશ્રી તરફથી પૂરાં પાડવામાં આવ્યાં હતાં.

જેના લાભાર્થીઓ ભાવનગર, રંઘોળા, પાલિતાણા, કોળિયાક, હાથબ-ઘોઘા-વડિયા-મખિયાણા, રામપરાથી આવ્યાં હતાં. જેમાં દિવ્યાંગોને સાધનો પહેરાવી પ્રથમ વખત જ ચલાવવામાં આવ્યાં હતાં અને દરેક લાભાર્થીઓએ મળેલા સાધનો માટે ખૂબજ આભારની લાગણી વ્યકત કરી હતી.

૧. લાભાર્થીઓ પૈકી શ્રી ભારતીબેન આર. જાની, જેઓ ભાવનગર-આંબાવાડી-વિસ્તારમાંથી આવે છે. જેઓની ઉંમર ૬૦ વર્ષની છે. તેઓને યાત્રાએ જતા રતલામ સ્ટેશન પર, ગાડીમાં ચડવા જતા અકસ્માતે ડાબો પગ ગોઠણથી ઉપરના ભાગે, તેમજ જમણો પગ ગોઠણથી નીચે આજથી આશરે છ માસ પહેલા કપાઈ ગયો હતો. આજરોજ તેઓને પ્રથમ વખત જ કૃત્રિમ બંને પગ ફીટ કરી આપ્યો છે તેઓ હવે આ પગ વડે વ્યવસ્થિત ચાલી શકશે અને હવેથી પોતાનું કાર્ય કરી શકશે. તેઓએ ખૂબ જ આભારની લાગણી વ્યકત કરી હતી.

૨. બીજા લાભાર્થી શ્રી મુમતાઝબેન ગોગદા, જેઓ પાલિતાણાના રહેવાસી છે, જેમની ઉંમર ફકત ૪૨ વર્ષની જ છે. જેઓને ગેંગરિંગ થવાથી એકાદ વર્ષ પહેલા ડાબો હાથ કોણીના ઉપરના ભાગેથી કપાવવો પડયો હતો. તેમના પતિ ડ્રાઈવર તરીકે કાર્ય કરે છે. અને તેઓ છ સંતાનની માતા છે. આજરોજ તેમને પ્રથમ વખત જ કૃત્રિમ હાથ ફીટ કરી આપ્યો છે. આ કૃત્રિમ હાથથી તેઓ રોજિંદા કામ કરી શકશે, ઉપરાંત તેઓ હાલ પ્રેકિટસ કરવાથી પોતાના રોજિંદા કાર્યો પહેલાથી સારી રીતે કરી શકશે. તેઓએ આભારની લાગણી વ્યકત કરી હતી.

આ નવેમ્બર માસમાં અહિં ભાવનગરમાં સ્થાનિક કક્ષાએ કુલ ૧૧૭ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવ્યાં છે. જેમાં લાભાર્થીઓને આશરે ૧૩૪ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, ઓર્થોશૂઝ-૪, ની-બ્રેસ-૨૨, હેન્ડ સ્પીલન્ટ-૧, સ્પાઈનલ ઓર્થોસિસ-૩, અન્ય-૭૩, કેલિપર-૨, એ.એફ.ઓ.-૧૭, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૧૨ એમ કુલ ૧૩૪ સાધનો આપવામાં આવ્યાં હતાં.

# શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા મહેતા છાત્રાલય



✍ સ્નેહાબેન જોશી

## શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય

- તા. ૨૩-૧૦ ના રોજ શ્રી બંસલ પરિવાર તરફથી છાત્રાલય તથા લોકલ, તેમજ ચોથા વર્ગના કર્મચારીઓને મિઠાઈ આપી અને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી.

- તા. ૨૩-૧૦ ના રોજ શ્રી ચિરાગભાઈ તરફથી છાત્રાલયના બધાજ બાળકો તથા નટરાજ હોસ્ટેલના બાળકોને કાજુકતરીની મિઠાઈ આપીને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી.

- તા. ૨૪-૧૧ ના રોજ જય આદિનાથ ભકિત ગ્રુપના પ્રોગ્રામ નં. ૬૨ નિમીત્તે બાળકોને મિઠાઈ ફરસાણ સાથેનું ભોજન કરાવ્યું.

- તા. ૪-૧૨ ના રોજ સ્વ. શ્રી રેખાબેન રાખશિયાની પૂણ્યતિથિ નિમિત્તે શ્રી રાખશિયા સાહેબ તરફથી બાળકોને મિઠાઈ ફરસાણ ભોજન સાથે આપ્યું હતું.

- તા. ૫-૧૨ ના રોજ શ્રી હસમુખભાઈ ચીમનભાઈ મહેતાના ૮૦ મા જન્મદિવસ નિમીત્તે બાળકોને મિષ્ઠાન ભોજન કરાવ્યું હતું.

- તા. ૧૦-૧૨ ના રોજ શ્રી સમીરભાઈ શાહ તરફથી બાળકોને નાસ્તો આપવામાં આવ્યો હતો.

દાતાશ્રી ચિરાગભાઈ તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ શિયાળાની શરૂઆત થતાજ, છાત્રાલયના બધાજ બાળકો તથા નટરાજ હોસ્ટેલના બધા જ બાળકોને ગરમ ટોપીનું વિતરણ કર્યું હતું.

# શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ ડેફ સંચાલિત
# શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કોલેજ

✍ ડૉ. ધવલ વ્યાસ



## કોલેજના તાલીમાર્થીઓની આંતરિક થિઅરી પરીક્ષા :

તા. ૧૮-૧૧ થી તા. ૨૩-૧૧ દરમિયાન કોલેજના B.Ed. Spl. Ed. (HI) અભ્યાસક્રમના સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૩ ના તાલીમાર્થીઓની તેમજ તા. ૪-૧૨ થી ૬-૧૨ દરમિયાન કોલેજના B.Ed. Spl. Ed. (HI) અભ્યાસક્રમના સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૩ ના તાલીમાર્થીઓની આંતરિક થિઅરી પરીક્ષા યોજવામાં આવેલ હતી. સૌ તાલીમાર્થીઓએ શાંત વાતાવરણમાં પરીક્ષા આપી હતી.

## તાલીમાર્થીઓની નટરાજ કેમ્પસ ખાતેની સમાવેશી અને વિશિષ્ટ શાળાઓની મુલાકાત :

તા. ૨૫-૧૧ ના રોજ B.Ed. Spl. Ed. (HI) અભ્યાસક્રમના સેમેસ્ટર-૧માં અભ્યાસ કરતા તાલીમાર્થીઓએ નટરાજ કેમ્પસ ખાતેની કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ અને નટરાજ સેરેબ્રલ પાલ્સિવાળા બાળકો માટેની વિશિષ્ટ શાળાની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન તાલીમાર્થીઓએ બંને શાળાઓની અધ્યતન અધ્યાપન પ્રક્રિયા, વિશિષ્ટ અભ્યાસક્રમ, બેઠક વ્યવસ્થા, વર્ગખંડ વ્યવસ્થાપન, અધ્યતન-અધ્યાપનની સામગ્રીઓ, ઓકયુથેશનલ થેરાપી સેન્ટર, પુસ્તકાલય, સેરેબ્રલ પાલ્સિવાળા બાળકો માટે ગરમ પાણીના સ્નાનનું સેન્ટર, પ્લે એરિયા, સંગીત વર્ગ વગેરેની પ્રત્યક્ષ સમજ મેળવી હતી.

## આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિનની ઉજવણી :




સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા વર્ષ ૧૯૯૨થી સમગ્ર વિશ્વના દેશોમાં ૩જી ડિસેમ્બરના દિવસને **આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિવસ** તરીકે ઉજવવાનું શરૂ કરવામાં આવ્યું હતું. તેના ઉપલક્ષ્યમાં અત્રેની તાલીમી કોલેજમાં તા. ૩-૧૨ ના રોજ વિકલાંગ વ્યકિતઓના અધિકારોના અધિનિયમ-૨૦૧૬ (RPwD Act., 2016) અંતર્ગત સમાવિષ્ટ ૨૧ વિકલાંગતાઓની વ્યાખ્યા, લાક્ષણિકતાઓ અને ઓળખ સંબંધિત, રસપ્રદ માહિતીઓ પ્રોદ્યોગિકીનો ઉપયોગ કરીને તાલીમાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય કોલેજના તાલીમાર્થીઓને RPwD Act., 2016 હેઠળની વિકલાંગતાઓની જાણકારી આપવાનો હતો.

# અંબા સી.પી. હોસ્ટેલ
## સપ્ટેમ્બર-ઓકટોબર-૨૦૨૪

✍ લાલજીભાઈ પંડ્યા



નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવગંત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ.

### ભોજન / મિષ્ટાન

- તા. ૧૦-૧૦ ના રોજ શ્રી તૃપ્તિબેન મહેતા તરફથી...
- તા. ૧૨-૧૦ ના રોજ શ્રી કાંતિલાલ સલોત તરફથી...
- તા. ૨૨-૧૦ ના રોજ શ્રી કર્મજ્ઞ પંડયા તરફથી...
- તા. ૨૨-૧૧ ના રોજ શ્રી સવજીભાઈ મકવાણા તરફથી...
- તા. ૨૩-૧૧ ના રોજ શ્રી નિકુંજભાઈ ઠક્કર તરફથી...
- તા. ૦૩-૧૨ ના રોજ શ્રી શ્વેતાબેન કુંડાણિયા તરફથી...
- તા. ૦૫-૧૨ ના રોજ શ્રી ભદ્રેશભાઈ જાની તરફથી...
- તા. ૦૮-૧૨ ના રોજ શ્રી ભાવિકભાઈ દેસાઈ તરફથી...
- તા. ૧૨-૧૨ ના રોજ શ્રી જીજ્ઞેશભાઈ રાંક તરફથી...
- તા. ૧૩-૧૨ ના રોજ શ્રી હનુમંત બોયઝ હોસ્ટેલ તરફથી...
- તા. ૧૪-૧૨ ના રોજ શ્રી અરશીતભાઈ વઘાસિયા તરફથી...

### નાસ્તો :

- તા. ૧૭-૧૦ ના રોજ સીતારામ ટ્રાન્સપોર્ટ તરફથી...
- તા. ૨૩-૧૦ ના રોજ શ્રી નિલેશભાઈ પટેલ તરફથી...
- તા. ૨૫-૧૦ ના રોજ એક શુભેચ્છક તરફથી...
- તા. ૩૦-૧૧ ના રોજ સીતારામ ટ્રાન્સપોર્ટ તરફથી...
- તા. ૦૨-૧૨ ના રોજ શ્રી આદિત્ય ચિપલુણકર તરફથી...
- તા. ૦૪-૧૨ ના રોજ શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા તરફથી...
- તા. ૦૫-૧૨ ના રોજ શ્રી જીજ્ઞાબેન સોલંકી તરફથી...
- તા. ૦૮-૧૨ ના રોજ શ્રી મહેશભાઈ ગાંધી તરફથી...
- તા. ૦૮-૧૨ ના રોજ શ્રી ભાવિકાબેન શાહ તરફથી...
- તા. ૦૯-૧૨ ના રોજ શ્રી સમીરભાઈ શાહ તરફથી...
- તા. ૧૨-૧૨ ના રોજ શ્રી ભાસ્કરભાઈ રાવળ તરફથી...

### સમાચાર

- તા. ૨૩-૧૦ ના રોજ ડો. દીપકભાઈ ભટ્ટી તરફથી હોસ્ટેલના ૨ અનાથ બાળકોને કપડાં આપેલ.
- તા. ૨૫-૧૦ ના રોજ શ્રી ધરમભાઈ તરફથી હોસ્ટેલના ૨ અનાથ બાળકોને પહેરવાના ૧ જોડી કપડાં આપેલ.

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત,

# શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ

## શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનીક

✍ સૂર્યકાંત ચાવડા



**નવેમ્બર-ર૪ દરમ્યાન, નીચે મુજબના દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| DEPARTMENT | No.Of Patients |
|---|---|
| EYE DEPARTMENT | |
| OPD | 200 |
| Cataract Surgeries - Free | 23 |
| Cataract Surgeries - Paid | 13 |
| EYE Retina | 11 |
| ENT DEPARTMENT | |
| OPD | 337 |
| OPERATION - PAID | 02 |
| MINOR PROCEDURE | 77 |
| DENTAL DEPARTMENT | |
| OPD | 108 |
| PROCEDURE | 103 |
| MATERNITY | |
| OPD | 00 |
| DELIVERY | 00 |
| OPERATION | 00 |

| DEPARTMENT | No.Of Patients |
|---|---|
| PSYCHIATRIC (M.D.) | 26 |
| ORTHOPEDIC DEPARTMENT | 27 |
| CHEST PHYSICIAN | 03 |
| PHYSIOTHERAPY | 00 |
| GENERAL OPD | 84 |
| PSYCHIA TRIC | 18 |
| PEDIATRIC | 33 |
| SKIN DEPARTMENT | 152 |
| X-RAY DEPARTMENT | 20 |
| LABORATORY PATIENT | 149 |
| LABORATORY TEST | 350 |
| SONOGRAPHY | 08 |
| CAMP | 00 |
| PATIENT | 00 |
| SHAMJI MAVJI RELIEF | 07 |

### પ્રભાકૃપા નેત્રયજ્ઞ :

ભાવનગર નવ જવાન સંઘ સંચાલિત શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલના સહયોગથી, શિશુવિહાર સંસ્થામાં યોજાયેલ **નેત્રયજ્ઞ** દ્વારા ૫૫ જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે નેત્ર સારવાર મળી.

સ્વ. માતુશ્રી ભાગિરથીબહેન મનસુખલાલ આચાર્યની સ્મૃતિમાં ૪૯૯ મો પ્રભાકૃપા નેત્રયજ્ઞ શ્રી શરદભાઈ આચર્યની ઉપસ્થિતિમાં તા. ૨૨ નવેમ્બરના રોજ શિશુવિહાર સંસ્થાના પ્રાંગણમાં યોજાય ગયો. ગુ-જરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલના સહયોગથી યોજાયેલ, **પ્રભાકૃપા નેત્રયજ્ઞ**માં ૫૫ દર્દીઓની તપાસ ડો. હર્ષાબેન મહેશ્વરી તથા ડો. ધ્રુવિલભાઈ નાયકની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડો. મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તા બાદ જરૂરિયાતમંદ ૨૧ દર્દીઓને કેટ્રેકસર્જરી માટે લોઢાવાળા હોસ્પિટલમાં મોકલી આપવામાં આવેલ. આ પ્રસંગે કેટ્રેકની સર્જરીમાં જનાર તમામ દર્દીઓને શ્રી શરદભાઈ આચાર્યના વરદ હસ્તે ગરમ શાલ વિતરણ કરવામાં આવી હતી. દર્દી દેવો ભવની ભાવનાથી વર્ષ ૧૯૯૮થી ચાલતા પ્રભાકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ તેમજ લોઢાવાળા હોસ્પિટલના ટ્રસ્ટી કાર્યકર્તાઓએ સેવા આપી હતી.

### મોતિયાનો કેમ્પ :

ભાવનગર નવ જવાન સંઘ સંચાલિત શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ અને મંગલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મોતિયાનો નેત્રયજ્ઞ કેમ્પ યોજાયો.



મંગલ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે અન્નદાન કીટના લાભાર્થી બહેનોના લાભાર્થે તા. ૧લી ડિસેમ્બર રવિવારે સવારે ૯:૩૦ થી ૧૨ દરમ્યાન જલારામ મંદિર, આનંદનગરના પ્રાંગણમાં પ્રભાકૃપા મોતિયો નેત્રયજ્ઞ યોજાયો હતો.

હોસ્પિટલ તરફથી આ યજ્ઞમાં ડો. ધ્રુવિલ નાયક દ્વારા ૭૫ દર્દીઓને વિનામૂલ્યે આંખ તપાસ કરી આપી હતી. મોતિયો ઓપરેશન જરૂરતવાળા ૩૪ દર્દીઓને જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી, ભાવનગર, તેમજ શ્રી ધનવંતભાઈ અજમેરાના સહયોગથી લોઢાવાળા હોસ્પિટલ, ભાવનગર ખાતે, અદ્યતન ફેકો મશીન દ્વારા ટાંકા વગરના મોતિયાના ઓપરેશન કરી નેત્રમણી મૂકી આપવા તારીખ આપી હતી.

આ કાર્યક્રમમાં ભાવનગર મહાનગરપાલિકાના પૂર્વ કમિશ્નર શ્રી ઉપાધ્યાય સાહેબ અને શ્રી મુકેશભાઈ મહેતાએ કેમ્પની મુલાકાત લીધી હતી. ભાવનગર નવજવાન સંઘ સંસ્થાના પ્રમુખ શ્રી બાબાભાઈ, માનદ્ મંત્રી શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા, ટ્રસ્ટી શ્રી પારસભાઈ, મંગલ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી કિશનભાઈ ગૌસ્વામી, શ્રી કમલેશભાઈ તેમજ તેમની વિશાળ ટીમ દ્વારા કેમ્પનું આયોજન કરી, સુંદર સુચારું વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી.

## શ્રી ડી. કે. અજમેરા ફાઉન્ડેશન, શ્રીમતી ભાનુમતિ વાડીલાલ ચત્રભુજ ગાંધી "ભાનુવાડી" વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

મંદબુધ્ધિ વ્યક્તિઓનું સમાજમાં પુનઃસ્થાપન કરવા તથા આર્થિક રીતે પગભર કરવાના ઉમદા આશય સાથે હાલ ઉપરોકત વિભાગમાં બાળકોને અવનવી ડિઝાઈનના આકર્ષક તોરણ તથા ટોડલિયા બનાવવા અંગેની તાલીમ આપવામાં આવે છે.

# વિવિધા

## 'સમાવેશિતાને સંપૂર્ણ રીતે ઓછું મહત્વ આપવામાં આવે છે'

✍ સંગીતા અય્યર



**MD and Engineering & Product Lead,**
**Advanced Technology Centers in India, Accenture**

### કાર્યસ્થળો સ્વીકારવાની પ્રસંશા કરો

''માત્ર એક વર્ષની ઉંમરે, પોલિયોએ મને લોકોમોટર ડિસેબિલિટી સાથે જેણે મારી ગતિશીલતાના ૪૦% મર્યાદિત કરી. આ શરૂઆતના આંચકાએ મારી અંદર નિશ્ચય અને સ્થિતિસ્થાપકતાની ઊંડી ભાવના જગાડી મારા માતા-પિતા અને બહેન દ્વારા ઉછેરવામાં આવી, જેમણે દરેક ક્ષણે મને ટેકો આપ્યો અને નિપૂણ બનાવી. ટેકનોલોજી પ્રત્યે ઉત્સાહી અને સોફ્ટવેર ડેવલપમેન્ટ અને મેનેજમેન્ટના આઠ વર્ષના અનુભવ સાથે હું ૧૮ વર્ષ પહેલા એકસેન્ચર કંપનીમાં જોડાય હતી. થોડા સમય પછી હું માતા બની અને એકસેન્ચરમાં કાર્યકારી પહેલોએ મને મારી કારકિર્દી અને મારી પુત્રીની સંભાળ વચ્ચે સંતુલન જાળવવામાં મદદ કરી. જેમ-જેમ તેણી વધુ સ્વતંત્ર થતી ગઈ, તેમ મેં પ્રોડકટ એન્જિનિયરિંગ, ગુણવત્તાયુકત એન્જિનિયરિંગ, ઓટોમેશન, આધુનિક એન્જિનિયરિંગ અને વધુને વધુ વિવિધ તકનીકી ભૂમિકાઓની સક્રિયપણે શોધ કરી. એકસેન્ચરની સર્વસમાવેશક સંસ્કૃતિ એ સુનિશ્ચિત કરે છે કે મને કયારેય મારી વિકલાંગતા માટે નકારી નથી, મહત્વના પ્રોજેક્ટ્સ પર કામ કરવાની સમાન તકો પૂરી પાડે છે. મને મળેલા સમર્થનથી પ્રેરિત થઈને, હું હવે એકસેન્ચર કંપની ખાતે વિકલાંગતાના સમાવેશના વકીલ અને માર્ગદર્શક તરીકે સેવા આપું છું, સાથીદારોને તેમની દશ્યમાન અથવા અદશ્ય વિકલાંગતાઓને સ્વ-ઓળખવા માટે પ્રોત્સાહિત કરું છું. આ સંસ્થાને અનુકૂળ સુલભતા સક્ષમતા, તબીબી લાભો અને સપોર્ટ નેટવકર્સ સાથે તેમની જરૂરિયાતોને વધુ સારી રીતે સંબોધવા માટે પરવાનગી આપે છે. હું દઢપણે માનું છું કે દરેક વ્યકિતની ક્ષમતાને ધ્યાનમાં લીધા વિના, સમર્થનની જરૂર છે અને સશકિતકરણ માટે કોઈની જરૂરિયાતોની હિમાયત જરૂરી છે.''


વિકલાંગ વ્યકિતઓનો આંતરરાષ્ટ્રીય દિવસ દર વર્ષે ૩ ડિસેમ્બરે ઉજવવામાં આવે છે અને તેથી અમે વિકલાંગતા ધરાવતા ટેક પ્રોફેશનલ્સનો તેમના અનુભવો શેર કરવા માટે સંપર્ક કર્યો. તેમની વાતોમાં એક સામાન્ય થ્રેડ એ સમાવિષ્ટ વાતાવરણની પરિવર્તનકારી અસર છે, પછી ભલે તે કાર્યસ્થળમાં હોય કે સમગ્ર સમાજમાં.

# 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા



✍ નેહલ ગઢવી

### વેસ્ટ ઝોન કક્ષાની ક્વિઝ સ્પર્ધામાં શાળાના બાળકોનો ઉત્કૃષ્ટ દેખાવ :




તા. ૨૫-૨૬ ઓકટોબર-૨૦૨૪ દરમિયાન ગાંધીનગર ખાતે, સેવા ઈન **એકશન-બેંગ્લોર સંસ્થા** દ્વારા, મંદબુધ્ધિ, ઓટિઝમ, સેરેબ્રલ પાલ્સિ બાળકો માટે વેસ્ટ ઝોન કક્ષાની ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના બાળકો રોય ક્રિશ અને વાઘેલા નવદીપે, શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ પ્રભાવશાળી દેખાવ કરી, ફાઈનલમાં પાર્ટિસિપેટ થયાં હતાં.

### બંધારણ દિવસની ઉજવણી :

તા. ૨૬ નવેમ્બર-૨૦૨૪ ના ભારતના બંધારણને ૭૫ વર્ષ પૂર્ણ થતાં શાળામાં બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોને ભારતના બંધારણ વિશે પ્રાથમિક માહિતી, તેમજ બંધારણનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. તેમજ Preamble Pledge લેવડાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાળકો, સ્ટાફ તથા ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજના તાલીમાર્થીઓ જોડાયાં હતાં. આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ સમગ્ર કાર્યક્રમ સંપન્ન થયો હતો.

### જ્ઞાન વર્ધન તાલીમ :



આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિવસની ઉજવણીના ભાગરૂપે નટરાજ કેમ્પસ ખાતે એક જ્ઞાન વર્ધન તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં મંદબુધ્ધિ, ઓટિઝમ, સેરેબ્રલ પાલ્સિ બાળકોના વાલીઓ બહોળી સંખ્યામાં જોડાયાં હતાં. જેમાં શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીએ, **બાળકોના વિકાસમાં વાલીની ભૂમિકા** વિશે રસપ્રદ શૈલીમાં ગહન માહિતી આપી હતી.

### દિવ્યાંગ મતદાર રજીસ્ટ્રેશન કેમ્પ :



સમગ્ર વિશ્વમાં ૩જી ડિસેમ્બર, વર્લ્ડ ડિસેબલ્ડ ડે તરીકે મનાવવામાં આવે છે, જે અંતર્ગત અંકુર શાળા ખાતે પણ આ દિવસ વિશિષ્ટ રીતે મનાવવામાં આવ્યો હતો. જેમાં મનોદિવ્યાંગ, બહેરાં-મૂંગા, અંધ, મગજના લકવાવાળા તથા અન્ય દિવ્યાંગતા ધરાવતા બાળકો માટે નવા ચૂંટણી કાર્ડ, ચૂંટણી કાર્ડ સુધારણા તથા ચૂંટણી કાર્ડમાં દિવ્યાંગતા ઉમેરવા અને મતદાર જાગૃતિ અંગેનો કાર્યક્રમ, અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની શાળા, પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલ, કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, મદદનીશ મતદાર નોંધણી અધિકારી (૧૦૪/૧૦૫ વિદ્યાનસભા મતદાર વિભાગ) અને સી.ટી. મામલતદાર, ભાવનગર સીટીના સંયુકત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી ભગીરથસિંહ, પી.એન.આર. સોસાયટીના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, શાળાના માનદ મંત્રી શ્રી ડી.જે. ધંધુકિયા, નટરાજ સી.પી. સ્કૂલ આચાર્ય શ્રી જિજ્ઞાબેન સોલંકી ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં કુલ ૩૮ નવા ચૂંટણી કાર્ડ તથા ૧૨ ચૂંટણી કાર્ડ સુધારણાની નોંધણી કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન અને સંકલન હેઠળ શિક્ષકશ્રી પારસભાઈ પરમારે ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંકલન શિક્ષક શ્રી હરદીપભાઈ કામળિયા તથા આભાર વિધિ શ્રી જયપાસિંહ ગોહિલે કરી હતી.

## નેશનલ એસેસમેન્ટ સર્વે (N.A.S. - ૨૦૨૪) :

તા. ૪-૧૨- ૨૦૨૪ ના રોજ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા નેશનલ એસેસમેન્ટ સર્વેના ભાગરૂપે શાળામાં તાલીમ મેળવતા ધો. ૩ તથા ૬ ના કુલ ૧૭ બાળકોએ સફળતાપૂર્વક આ પરીક્ષા આપી હતી. આ પરીક્ષા સંદર્ભે શાસનાધિકારી શ્રી મુંજાલભાઈ બડમલિયા, બી.આર.સી. શ્રી કલ્પેશભાઈ પંડયા, સી.આર.સી. શ્રી ચેતનાબેન પંડયાએ શાળાની મુલાકાત લીધી હતી, તેમજ શાળાના ગવર્મેન્ટ સેટઅપના શિક્ષકોએ પ્રશ્નોતરી અને માહિતી ભરી સુપરત કરી હતી. આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી તથા શ્રી પારૂલબેન પાઠકે સરસ રીતે સંકલન કરી આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## એડીપ સ્કીમ-સાધન સહાય યોજના :



જિલ્લા સમાજ સુરક્ષા વિભાગ દ્વારા એડીપ સ્કીમ અંતર્ગત બાળકોના એસેસમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના કુલ ૧૮૫ બાળકોનું એસેસમેન્ટ કરવામાં આવ્યું હતું. જેઓને આગામી ટૂંક સમયમાં એલિમ્કો કંપની દ્વારા એડીપ સ્કીમ અંતર્ગત સાધન સહાય (કીટ) આપવામાં આવશે. આ કેમ્પમાં શાળાના તમામ શિક્ષકો તથા ટીચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ જોડાયાં હતાં. આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા આ સમગ્ર કાર્યનું સુંદર સંકલન કરવામાં આવ્યું હતું. તેમજ તારીખ ૧૪ થી ૧૮ ડિસેમ્બર દરમ્યાન શાળાના ગર્વમેન્ટ તથા આઉટ સોર્સિંગના શિક્ષકો , ભાવનગર જિલ્લામાં વિવિધ તાલુકા કક્ષાએ એસેસમેન્ટ કેમ્પ અંગેની જવાબદારી નિભાવશે.

## સેમિનાર :

૮ ડિસેમ્બર રાષ્ટ્રીય મનોદિવ્યાંગ દિવસ તરીકે મનાવવામાં આવે છે. આ દિવસે શાળામાં ઓકયુપેશન થેરાપી અંગે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારનો પ્રારંભ પ્રાર્થના દ્વારા કરવામાં આવ્યો હતો. સંસ્થાના પ્રમુખ શ્રી વિનુભાઈ હકાણીએ આવેલ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. શાળાના શિક્ષક શ્રી રેશ્માબેન શાહે સેમિનાર અંગે માહિતી આપી હતી. ત્યારબાદ અમદાવાદના ખ્યાતનામ ઓકયુપેશનલ થેરાપીસ્ટ ડો. બ્રિજેશ મિશ્રા સાહેબ દ્વારા શિક્ષકોને ID તથા Autism બાળકોને તાલીમ આપતા સમયે વર્ગરૂમમાં OT કેવી રીતે લાગુ કરી શકાય ? તેમજ વાલીઓને ઓકયુપેશનલ થેરાપિસ્ટ ડો. શ્રી હિરવા મિશ્રા દ્વારા ઘરમાં બાળકોને OT કઈ રીતે આપી શકાય ? તે અંગે અતિ વિસ્તૃત અને ઝીણવટપૂર્વક, રસપ્રદશૈલીમાં P.P.T. ના માધ્યમથી ખૂબજ જ્ઞાનસભર માહિતી પૂરી પાડવામાં આવી હતી. જે ID તથા Autism બાળકોના સર્વાંગી વિકાસ માટે ખૂબજ ઉપયોગી નિવડશે. આ સેમિનારમાં શાળાના સર્વે શિક્ષકો તથા વાલીઓ બહોળી સંખ્યામાં જોડાયાં હતાં. આ સમગ્ર કાર્યક્રમ આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન અને સંકલન હેઠળ સંપન્ન થયો હતો.

## ગ્રુમિંગ કેમ્પ :



મંદબુધ્ધિ બાળકોની તાલીમમાં દૈનિક પ્રવૃત્તિઓ (ADL) નું વિશેષ મહત્વ રહેલુ છે. એ બાળકને ધ્યાનમાં રાખી તા. ૯-૧૨-૨૦૨૪ ના રોજ શાળામાં એક ગ્રુમિંગ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળામાં તાલીમ મેળવતી ૨૬ દીકરીઓને હેર સેટ, હેર કટિંગ તથા બ્યુટી પાર્લર અંગેની બેઝિક તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શ્રી ભાવિકાબેન ભટ્ટ, શ્રી ઉર્વશીબેન પંચાલ, શ્રી બિંદીબેન કુવાડ, શ્રી કિરણબેન ચુડાસમાનો સહયોગ સાંપડયો હતો.

## ધાબળા વિતરણ :

તા. ૯-૧૨-૨૦૨૪ ના રોજ દાતા શ્રી જિતેનભાઈ કાપડિયા, શ્રીમતી ભૂમિકાબેન કાપડિયા દ્વારા શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને ગરમ ધાબળા આપવામાં આવ્યાં હતાં. શાળાના માનદ ટ્રેઝરર શ્રી દેવલભાઈ જે. શાહના સઘન અને પ્રસંશનિય પ્રયોત્નોથી દાતાશ્રી દ્વારા બાળકોને આ ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# 1 થી 31 ડિસેમ્બર સુધીના દાતાઓની યાદી

## PNR SHAH SOCIETY (80-G) Dt. 31-10-24 to 30-11-2024

| Doner Name | Amount (Rs) |
|---|---|
| Shri Mumbadevi Charities - Mumbai | 50,000 |
| Shri Harsha Sheth - Mumbai | 7,000 |
| Shri Hetal Apurva Foundation - Mumbai | 7,000 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Jignaben Nitinbhai Solanki - Bhavnagar | 1,500 |
| Shri Gautam Trading Co. - Rajkot | 10,818 |
| Shri Gauttam Plastic - Rajkot | 11,000 |
| Fortune Virtue - Rajkot | 11,000 |
| Shri Bhaichand M Mehta Charitable Trust - Mumbai | 25,000 |
| Shri Harsukh B. Mehta Charitable Trust - Mumbai | 25,000 |
| Shri Mahendrabhai Uttamchand Shah - Bhavngar | 2,000 |
| Shri Pankaj Shashikant Zaveri - Mumbai | 50,000 |
| Shri Oswal Charities - Jamnagar | 25,000 |
| Shri Kavitaben Parasbhai Shah - Bhavnagar | 50,000 |
| Shri Kavitaben Parasbhai Shah - Bhavnagar | 1,50,000 |
| Shri Pravinchandra Manilal Shah | |
| C/O. Parco Tractors Spares Corporation - Mumbai | 15,000 |
| Shri Manan P. Shah - Bhavnagar | 1,00,000 |
| Shri Parasbhai C. Shah - Bhavnagar | 2,00,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| Doner Name | Amount (Rs) |
|---|---|
| Shri Meenaben Ghanshyambhai Upadhyay - Vadodara | 5,000 |
| Shri S And S Export - Mumbai | 7,000 |
| Shri Kirtikumar Girdharlal Shah - Mumbi | 15,000 |
| Shri Kirit P. Pandya - Mumbai | 5,000 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Shri Hasmukh C. Mehta - Mumbai | 15,000 |
| Shri Pravinchandra M Shah - Mumbai | 10,000 |
| Shri EK Sadgrahastha . Bhavnagar | 20,450 |
| Shri Kirti Kantilal Shah - Mumbai | 6,000 |
| Shri Maitree Sheth - Bhavnagar | 1,000 |
| Shri Parasbhai - Bhavnagar | 5,000 |
| Late Shri Nirmalsinh Satubha Gohil - Bhavnagar | 1,000 |
| Shri Indravadan Masuriya - Talaja | 7,000 |
| Shri Varshaben B. Balani - Bhavnagar | 5,000 |
| Shri Janak Enterprise - Bhavnagar | 2,50,000 |
| Shri Jyotsnaben & Pravinbhai Bhogilal Shah Parivar -Ahmedabad | 5,000 |
| Shri Amiben K Doshi, Neha V Shah & Urmi Amit Doshi - Indor | 4,000 |
| Shri Samir Sudhir Karnik - Mumbai | 25,000 |
| Shri Viraj Sudhir Karnik - Mumbai | 25,000 |
| Shri Dhirendrabhai Ramniklal Patel - Bhavnagar | 8,600 |
| Shri Pramodbhai Ramniklal Dholakiya - Bhavnagar | 6,000 |

- Shri Arunaben Vallabhdas Pandya - Bhavnagar 4,000
- Shri Varni Nikunjbhai Donda - Bhavnagar 6,000
- Shri Miteshbhai Prakashbhai Patel - Bhavnagar 2,000
- Late Shri Gambhirsinh Surubha Gohil - Bhavnagar 6,000
- Shri Mahuva Refinery - Bhavnagar 1,400
- Shri Jitendra Ichhalal Shah - Bhavnagar 1,200
- Shri Bhumit Ravindrabhai Shah - Mumbai 55,000

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

| Doner Name | Amount (Rs) |
|---|---|
| Shri Agrocel Industries Private Limited - Bhavnagar | 2,51,750 |
| Shri Subhash Chandra Tank - Ahmedabad | 1,11,000 |
| Shhri Jade Blue Lifestyle India Limited - Ahmedabad | 1,00,000 |
| Shri Sheth Charitable Trust - Mumbai | 50,000 |
| Shri Sheth Charitable Trust - Mumbai | 31,000 |
| Shri Hiteshbhai Goti - Rajkot | 26,500 |
| Shri Sumitomo Chemical India Limited - Bhavnagar | 25,000 |
| Shri Urdhvagaman Foundation - Mumbai | 25,000 |
| Shri Arpitkumar - Bhavnagar | 21,000 |
| Shri Vanita Mukund Gandhi - Ahmedabad | 20,000 |
| Shri Vinodrai N. Hakani - Bhavnagar | 19,000 |
| Well Wisher - Bhavnagar | 15,900 |
| Shri Yogesh Maneklal Kansara - Vadodara | 15,000 |
| Shri Kiran Navinchandra - Mumbai | 15,000 |
| Shri Ashaben Dharambhai Patel - Surat | 11,000 |
| Shri Sol Mobiles Private Limited - Mumbai | 11,000 |
| Shri Nayana Ramesh Patel - Surat | 11,000 |
| Shri Jay Bholenath Trust - Surat | 10,000 |
| Shri Devyani Sudhir Sampat - Mumbai | 10,000 |
| Shri Gap Memorial Foundation - Anand | 10,000 |
| Shri Fora Shaileshbhai Shah - Bhavnagar | 10,000 |
| Shri Sharda Charitable Trust - Vapi | 10,000 |
| Shri Dhananjay Vyas - Mumbai | 10,000 |
| Well Wisher - Bhavnagar | 9,100 |
| Shri Subhagi Charitable Trust - Bhavnagar | 8,400 |
| Shri Shah Navalbhai R. Bhavnagar | 7,400 |
| Well Wisher - Bhavnagar | 7,000 |
| Shri Vinukumar Sachaniya - Bhavnagar | 5,182 |
| Shri Ramkrishna - Ahmedabad | 5,100 |
| Shri Mukesh Keshavlal Shah - Mumbai | 5,000 |
| Shri Mukesh Keshavlal Shah - Mumbai | 5,000 |
| Shri Parmar Mahendrasinh - Bhavnagar | 5,000 |
| Shri Madhav Soni - Ahmedabad | 5,000 |
| Shri Shah Jyotsnaben And Pravinbhai Bhogilal Family - Ahmedabad | 5,000 |
| Shri Hinaben V Mehta - Ahmedabad | 3,500 |
| Shri Pushpaben Dalpatbhai Jagad - Bhavnagar | 2,200 |
| Shri Narendra Jethalal Tanna - Porbandar | 2,000 |
| Shri Pankajbhai Ghetiya - Rajkot | 2,000 |
| Shri Shiraz Sadruddin Lalani - Mumbai | 1,111 |
| Shri Shah Navalbhai R. - Bhavnagar | 1,000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
## V. C. Lodhawala & Pratapbhai Parekh Plospecial

| Doner Name | Amount (Rs) |
|---|---|
| Shri Sol Mobiles Private Limited - Mumbai | 51,000/- |

# PNR તસ્વીર સમાચાર



દિવ્યાંગોની વધુ સારી સુવિધા માટે ચર્ચા સભામાં ઉપસ્થિત મહાનુભાવો...




AT&T માં શ્રી પ્રફુલભાઈ દ્વારા લેપટોપ વિતરણ...



જન્મદિવસની ઉજવણી...



રાજુલા કોલેજ દ્વારા આભાર દર્શન...





શિશુવિહારમાં પ્રભુકૃપા નેત્રયજ્ઞ કેમ્પ...



'અંકુર' માં ધાબળા વિતરણ...

Koshish Thi kamyabi | RNI No. GujGuj/2013/48176 | Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 | Monthly Date Of Publication : 15 January 2025 | Posted at 20th of every month at BHAV.RMS | Subscription Rs. 150 Per Year (12 Issue) | Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001. Tel. : 91 - 22 - 22614505 / 06 / 07
E-mail : feedback@hindustanpencils.com